ચંચળ દૈનિક
આપની સંસ્થાના સમાચાર ઈ-મેલ પર મોકલો
E-mail : chanchal61@yahoo.com
જાહેરાત આપવા માટે સંપર્ક કરો
ગાંધીનગર : ૯૪૨૭૬ ૧૩૨૫૧, ભુજ : ૯૪૨૭૬ ૧૩૨૫૦

Date : 03-04-2023, Monday • Issue NO. : 271 • Year : 41 • Page : 4 • Price : 0.60

# ચંચળ

ભુજ આવૃત્તિ




R.N.I. Reg. No. 48472/80 | તંત્રી : જયેન્દ્ર ઉપાધ્યાય | તા. ૦૩-૦૪-૨૦૨૩, સોમવાર • અંક નં. ૨૭૧ • વર્ષ : ૪૧ • પાના : ૪ • REGD: GKCH-36/2018-20

# દુનિયામાં ફરી વાગ્યો PM Modi નો ડંકો, ગ્લોબલ લીડર અપ્રુવલ લિસ્ટમાં પીએમ મોદી ટોચ પર

નવી દિલ્હી

અમેરિકા ભલે વિશ્વની મહાસત્તા ગણાય છે પરંતુ વાત જ્યારે સૌથી શક્તિશાળી નેતાની આવે છે ત્યારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે કોઈ ટકી શકતું નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામનો ડંકો ફરી એકવાર વિશ્વભરમાં વાગ્યો છે. મોર્નિંગ કન્સલ્ટ દ્વારા જાહેર કરાયેલ ગ્લોબલ લીડર અપ્રુવલ લિસ્ટમાં પીએમ મોદી ટોચ પર છે. પીએમ મોદીને ૭૬ ટકા એપ્રુવલ રેટિંગ મળ્યું છે. જ્યારે મેક્સિકોના રાષ્ટ્રપતિ એંડ્રેસ મેનુઅલ લોપેઝ ઓબ્રેડોર ૬૧ ટકા અપ્રુવલ રેટિંગ સાથે આ યાદીમાં બીજા નંબરે છે.મોર્નિંગ કન્સલ્ટની આ યાદીમાં ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બનીઝ ત્રીજા સ્થાને છે. તેમને ૫૫ ટકા રેટિંગ મળ્યું છે. જ્યારે ઈટલીના પીએમ જોર્જિયા મેલોનીને ૪૯ ટકાનું એપ્રુવલ રેટિંગ મળ્યું છે. આ યાદીમાં મેલોની ચોથા નંબર પર છે. ગ્લોબલ લીડર અપ્રુવલ રેટિંગની યાદીમાં બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા ડી સિલ્વાને જોર્જિયા મેલોનીની જેમ જ ૪૯ ટકાનું રેટિંગ મળ્યું છે.

વિશ્વની સૌથી મોટી મહાસત્તા કહેવાતા અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાયડેન ગ્લોબલ લીડર અપ્રુવલ રેટિંગની યાદીમાં છઠ્ઠા નંબર પર છે. બાયડેનને માત્ર ૪૧ ટકાનું એપ્રુવલ રેટિંગ મળ્યું છે. કેનેડાના પીએમ જસ્ટિન ટ્રુડો ૩૯ ટકા એપ્રુવલ રેટિંગ સાથે સાતમા નંબરે છે. બ્રિટનના પીએમ ઋષિ સુનક ૧૦માં નંબર પર છે. તેમને ૩૪ ટકા રેટિંગ મળ્યું છે. સ્પેનના પીએમ પેડ્રો સાંચેઝને ૩૮ ટકા અપ્રુવલ રેટિંગ મળ્યું છે અને તેઓ આ યાદીમાં ૮મા નંબરે છે.

ઉલ્લેખનીય છે કે મોર્નિંગ કન્સલ્ટ એક અમેરિકન કંપની છે જે પીએમ નરેન્દ્ર મોદીને વૈશ્વિક નેતાઓમાં સૌથી શક્તિશાળી ગણાવે છે. આ કંપની ૨૦૧૪માં શરૂકરવામાં આવી હતી તે જે વર્ષે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા હતા. મોર્નિંગ કન્સલ્ટને સૌથી ઝડપથી વિકસતી ટેકનોલોજી આધારિત કંપની માનવામાં આવે છે.




## Pakમાં હવે ખ્રિસ્તી વ્યક્તિની હત્યા, અગાઉ હિન્દુ ડોક્ટર, શીખ દુકાનદારની પણ કરવામાં આવી હત્યા, લઘુમતીઓ મુકાયાં મુશ્કેલીમાં

પેશાવર : પાકિસ્તાનમાં શનિવારે ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના પેશાવરમાં એક મોટી ઘટના બની હતી. અહીં એક ખ્રિસ્તી વ્યક્તિની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પોલીસનું કહેવું છે કે, આ ઘટના મૃતકના ઘર પાસે બની હતી. મૃતકની ઓળખ કાશિફ નામના વ્યક્તિ તરીકે થઈ છે. હાલ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. એક રિપોર્ટ અનુસાર ૨૪ કલાકમાં લઘુમતીઓ પર હુમલાની આ બીજી ઘટના છે. પ્રાપ્ત માહિતી અનુસાર, કાશિફની અજાણ્યા લોકોએ ગોળી મારીને હત્યા કરી હતી. જ્યારે હુમલો થયો ત્યારે કાશિફ તેના ઘરે હાજર હતો. ગોળી વાગતાં કાશિફનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. હાલ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. આ ઘટના પરસ્પર અદાવતના કારણે બની છે કે, પછી તેની પાછળ કોઈ અન્ય કારણ છે, તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. પોલીસ પણ આરોપીઓની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહી છે.કહેવામાં આવી રહ્યું છે કે, છેલ્લા ૨૪ કલાકમાં પેશાવરમાં લઘુમતીઓને નિશાન બનાવીને મારવાની આ બીજી ઘટના છે. દયાલ સિંહ નામના શીખ વેપારીની શુક્રવારે હત્યા કરવામાં આવી હતી. પોલીસ પાસેથી મળતી માહિતી અનુસાર, દિયાલ તેની બાઈક પર ક્યાંક જઈ રહ્યો હતો. આ દરમિયાન કોઈ અજાણ્યા વ્યક્તિએ તેની ગોળી મારીને હત્યા કરી નાખી હતી. પોલીસનું કહેવું છે કે, ગુનો કર્યા બાદ તે તરત જ સ્થળ પરથી ભાગી ગયો હતો.એક્સપ્રેસ ટ્રિબ્યુન અખબારના અહેવાલ મુજબ થોડા દિવસો પહેલા સિંધમાં એક હિંદુ દુકાનદાર પર રમઝાન વટહુકમનું ઉલ્લંઘન કરવાના આરોપમાં હુમલો કરવામાં આવ્યો હતો. પેશાવરના જોગન શાહમાં ઘણા શીખ પરિવારો રહે છે. મોટાભાગના લોકો પોતાનો વ્યવસાય કરે છે, અને કેટલાક દવાની દુકાનો ચલાવે છે. પાકિસ્તાનના માનવાધિકાર આયોગના અંદાજ મુજબ, ૨૦૭ મિલિયનની વસ્તીમાં મુસ્લિમોની સંખ્યા લગભગ ૯૬ ટકા છે. તે જ સમયે, હિંદુઓ ૨.૧ ટકા અને ખ્રિસ્તીઓ લગભગ ૧.૬ ટકા છે.

## ભારત આકરા પાણીએ, સમુદ્ર કિનારે તૈનાત કરાશે 'બાહુબલી'

ચીન અને પાકિસ્તાનના સંભવિત ખતરાને ટાળવા ભારત સામરીક દ્રષ્ટિએ મહત્વનો નિર્ણય લીધો છે. ભારત દુનિયાની સૌથી શક્તિશાળી સુપરસોનિક ક્રુઝ મિસાઈલ બ્રહ્મોશને દરિયાકાંઠાના વિસ્તારોમાં તૈનાત કરશે. ભૂતપૂર્વ નેવી ચીફ વાઈસ એડમિરલ સતીશ એન ઘોરમોડેએ આ માહિતી આપી હતી. તપૂર્વ નેવી ચીફ વાઈસ એડમિરલ સતીશ એન ઘોરમોડેએ કહ્યું હતું કે, ભારતીય નૌકાદળ તાજેતરમાં મંજૂર કરાયેલ બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલથી સજ્જ મોબાઈલ કોસ્ટલ બેટરીને દરિયાકાંઠાના વિસ્તારોમાં તૈનાત કરશે. આ બેટરીઓ પૂર્વ અને પશ્ચિમ બંને તરફથી આવતા જોખમોને બેઅસર કરવા માટે દરિયાઈ વ્યૂહાત્મક સ્થળો પર તૈનાત કરવામાં આવશે. તાજેતરમાં, સંરક્ષણ મંત્રાલયે મોબાઈલ કોસ્ટલ મિસાઈલ બેટરીને મંજૂરી આપી હતી અને આ સંબંધમાં ૩૦ માર્ચે બ્રહ્મોસ એરોસ્પેસ કોર્પોરેશન સાથે કરાર કરવામાં આવ્યો હતો. તેમની નિવૃત્તિના એક દિવસ બાદ જ છદ્રૈં સાથેની વાતચીતમાં ઘોરમાડેએ જણાવ્યું હતું કે, અમે પૂર્વ અથવા પશ્ચિમ તરફથી કોઈપણ ખતરા પર દેખરેખ રાખવા અને તેને નિષ્ક્રિય કરવા માટે વ્યૂહાત્મક સ્થળોએ નેક્સ્ટ જનરેશનની મોબાઈલ મિસાઈલ કોસ્ટલ બેટરીને તૈનાત કરી શકીશું.બ્રહ્મોસ એરોસ્પેસ ૨૦૨૭થી તેમની ડિલિવરી શરૂકરશે. આ બેટરીઓ વિશ્વની સૌથી ઝડપી અને ઘાતક સુપરસોનિક ક્રૂઝ મિસાઈલોથી સજ્જ હશે. તેનાથી ભારતીય નૌકાદળને બહુ-દિશામાં દરિયાઈ હુમલામાં મદદ મળશે. એટલે કે, નેવી એક સાથે પાણી, જમીન અને હવા ત્રણેય દિશામાં હુમલો કરી શકશે. તેનાથી નેવીની તાકાતમાં અભુતપૂર્વ સ્તરે વધારો થશે. સરફેસ ટુ સરફેસ બ્રહ્મોસ મિસાઈલો દરિયાકિનારા પર તૈનાત કરવામાં આવશે. તેના બે પ્રકાર છે. પ્રથમ બ્રહ્મોસ બ્લોક-૧ અને બીજું બ્રહ્મોસ-એન.જી. એટલે કે, જમીન પર ઉભેલા ટ્રાન્સપોર્ટરને ઈરેક્ટર લોન્ચર (TEL)થી લોંચ કરી શકાશે. તે એક પ્રકારની ટ્રક છે જેમાં (સિલો-ટાવર જેવુ માળખું) બનેલું હોય છે. બ્રહ્મોસ મિસાઈલ તેની અંદરથી બહાર આવે છે. તેને ગમે ત્યાં લઈ જઈ શકાય છે. મિસાઈલની દિશા નક્કી કરી શકાય છે.

## બે મોટા આંતરરાષ્ટ્રીય વેપારીઓએ રશિયા છોડવાની કરી જાહેરાત

વર્તમાન સમયમાં તોપો, ટેન્ક, મિસાઈલ, ફાઈટર પ્લેન, સબમરીન, યુદ્ધ જહાજ વગેરે એ દુશ્મનને ડરાવવા અને પોતાની તાકાત બતાવવાના એકમાત્ર હથિયાર નથી રહી ગયા. અનાજ પણ એક મહાન શસ્ત્ર બની ગયું છે. આજે ભૌગોલિક રાજનીતિનું એક મોટું સાધન ખોરાક છે. રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે મોસ્કો હવે ઘઉંનો ઉપયોગ હથિયાર તરીકે કરવા જઈ રહ્યું છે, જેની ઝાળ દુનિયા આખી દઝાડશે. રશિયા વિશ્વનો સૌથી મોટો ઘઉંની નિકાસ કરતો દેશ છે. રશિયા-યુક્રેન યુદ્ધ પહેલાથી જ વૈશ્વિક ખાદ્ય પુરવઠાને અવરોધ ઉભો કરી ચૂક્યું છે. ગત વર્ષમાં ખાદ્યપદાર્થોના ભાવમાં તીવ્ર વધારો થયો છે અને હવે રશિયા જે રીતે ઘઉંની નિકાસ પર સરકારી નિયંત્રણો વધારી રહ્યું છે તેનાથી પરિસ્થિતિ વધુ વણસી શકે છે. રશિયા માત્ર સરકારી કંપનીઓ અથવા તેની સ્થાનિક કંપનીઓને ઘઉંની નિકાસમાં રાખવાનો પ્રયાસ કરી રહ્યું છે જેથી તે નિકાસનો વધુ અસરકારક રીતે હથિયાર તરીકે ઉપયોગ કરી શકે. દરમિયાન, બે મોટા આંતરરાષ્ટ્રીય વેપારીઓ રશિયામાં નિકાસ માટે ઘઉં ખરીદવાનું બંધ કરવા જઈ રહ્યા છે, ત્યાર બાદ વૈશ્વિક ખાદ્ય પુરવઠા પર રશિયાની પકડ વધુ મજબૂત બનશે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, કારગિલ ઈન્ક અને વિટેરાએ રશિયામાંથી ઘઉંની નિકાસ બંધ કરવાની જાહેરાત કરી છે. ગત સિઝનમાં રશિયાની કુલ અનાજની નિકાસમાં તેનો હિસ્સો ૧૪ ટકા હતો. તેમના જવાથી વિશ્વના સૌથી મોટા ઘઉંના નિકાસકાર દ્વારા વૈશ્વિક ખાદ્ય પુરવઠા પર રશિયાની પકડ વધુ મજબૂત થશે. આ ઉપરાંત આર્ચર-ડેનિયલ મિડલેન્ડ કંપની પણ રશિયામાંથી પોતાનો બિઝનેસ સમેટી લેવાનું વિચારી રહી છે. લુઈસ ડ્રેફસ પણ રશિયામાં તેની ગતિવિધિઓ ઘટાડવા વિચારી રહી છે. ઘઉંની નવી સિઝન શરૂથઈ ગઈ છે. ૧૫ મેથી રશિયા ઘઉંના નવા પાકની નિકાસ શરૂકરશે. હવે, આંતરરાષ્ટ્રીય વેપારીઓ પાછળ હટવાથી રશિયન ઘઉંની નિકાસમાં સરકાર અને સ્થાનિક કંપનીઓનું જ પ્રભુત્વ રહેશે. જે ભૌગોલિક રાજનીતિ માટે વધુ અસરકારક રીતે તેનો ઉપયોગ કરી શકશે. તે કિંમતોને પ્રભાવિત કરવાની સ્થિતિમાં પણ હશે. મધ્ય પૂર્વ અને આફ્રિકન દેશો રશિયન ઘઉંના મુખ્ય ખરીદદારો છે.રશિયા હવે ઘઉંની નિકાસ માટે સરકાર ટુ ગવર્નમેન્ટ ડીલ માટે દબાણ કરી રહ્યું છે. ખોરાકનો હથિયાર તરીકે ઉપયોગ કરવો એ દુનિયા માટે ભયંકર બાબત છે. ૨૦૦૭માં જ્યારે દુષ્કાળ, કુદરતી આફત જેવા કારણોસર વિશ્વભરમાં અનાજના ઉત્પાદનમાં ઘટાડો થયો ત્યારે ખાદ્ય યુદ્ધ પ્રથમ વખત જોવા મળ્યું હતું. ત્યાર બાદ રશિયા, આર્જેન્ટિના જેવા મહત્વના ખાદ્યાન્ન નિકાસ કરતા દેશોએ ૨૦૦૮માં સ્થાનિક માંગને પહોંચી વળવા માટે મહિનાઓ સુધી અનાજની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. જેના કારણે વિશ્વમાં અનેક જગ્યાએ રાજકીય અસ્થિરતા અને આર્થિક સંકટ સર્જાયું હતું. યોગાનુયોગ એ સમયે વૈશ્વિક મંદી પણ હતી, જેના કારણે તેને ફૂડ વોર પણ ગણી શકાય.

# ક્રિકેટર સુરેશ રૈનાની કાકીનો હત્યારો પોલીસ એન્કાઉન્ટરમાં માર્યો ગયો, એન્કાઉન્ટરમાં પોલીસને પણ વાગી ગોળી

મુઝફ્ફરનગર

ઉત્તર પ્રદેશમાં ગુનેગારો સામે યોગી સરકારની કાર્યવાહી ચાલુ છે. તાજેતરનો કેસ યુપીના મુઝફ્ફરનગર જિલ્લાનો છે, જ્યાં પોલીસે શનિવારે એન્કાઉન્ટર દરમિયાન ૫૦,૦૦૦ રૂપિયાના ઈનામ સાથે એક બદમાશને મારી નાખ્યો હતો. પોલીસે તેની પાસેથી એક શંકાસ્પદ મોટરસાઈકલ, એક રિવોલ્વર, એક પિસ્તોલ અને કેટલાક કારતુસ પણ જપ્ત કર્યા છે.

જણાવવામાં આવી રહ્યું છે કે, આ બદમાશો ક્રિકેટર સુરેશ રૈનાની કાકી અને કાકા સહિત ત્રણ લોકોની હત્યામાં પણ વોન્ટેડ હતો. હકીકતમાં, તમને જણાવી દઈએ કે, શાહપુર પોલીસ સ્ટેશનને બાતમીદાર પાસેથી માહિતી મળી હતી કે, બાવરિયા ગેંગના કેટલાક સભ્યો આ વિસ્તારમાં કોઈ ઘટનાને અંજામ આપવા માટે આવી રહ્યા છે. જેના કારણે શાહપુર પોલીસે એસઓજી મુઝફ્ફરનગર સાથે મળીને વિસ્તારમાં ચેકિંગ ઓપરેશન શરૂ કર્યું હતું. તે જ સમયે, જ્યારે પોલીસે બે લોકોને સાહદુડી રોડ પર બાઈક પર આવતા જોયા, ત્યારે પોલીસે તેમને રોકવાનો સંકેત આપ્યો. આના પર બદમાશોએ પોલીસ પાર્ટી પર ફાયરિંગ કરીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો, જે બાદ પોલીસે બદમાશોને ઘેરીને કાર્યવાહી કરી હતી.જ્યારે પોલીસે સ્વબચાવમાં ગોળીબાર કર્યો ત્યારે મુરાદાબાદનો એક બદમાશ રશીદ ઉર્ફે સિપાહિયા ઉર્ફે ચલતા ફરાટા પોલીસના ગોળીબારને કારણે ઘાયલ થયો હતો, જ્યારે આ એન્કાઉન્ટરમાં પોલીસ સ્ટેશન ઓફિસર શાહપુર બબલુ કુમાર પણ બદમાશોના ગોળીબારને કારણે ઘાયલ થયા હતા. . જોકે, પોલીસે સ્ટેશન ચીફ શાહપુર અને ઈજાગ્રસ્ત બદમાશોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કર્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તબીબોએ ઈજાગ્રસ્તને મૃત જાહેર કર્યો હતો. આ ઘટનામાં પોલીસે ઘટનાસ્થળેથી મૃતક પાસેથી એક શંકાસ્પદ મોટરસાઈકલ, એક રિવોલ્વર, એક ગેરકાયદેસર પિસ્તોલ અને કારતૂસ પણ મળી આવ્યા છે.મળતી માહિતી મુજબ, મૃતક રશીદ ઉર્ફે સિપાહિયા ઉર્ફે ચલતા ફિરતા નિવાસી મુરાદાબાદ બાવરિયા ગેંગનો શાતિર સભ્ય હતો. તેની સામે અનેક રાજ્યોમાં લૂંટ અને લૂંટના લગભગ ૧૫-૧૬ ગુનાહિત કેસ નોંધાયેલા છે. જીજીઁ મુઝફ્ફરનગર સંજીવ સુમનના જણાવ્યા અનુસાર, એન્કાઉન્ટરમાં માર્યો ગયેલો આ દુષ્ટ બદમાશ રાશિદ ક્રિકેટર સુરેશ રૈનાની સાળી અને અન્ય એકની હત્યામાં વોન્ટેડ હતો, જેના પર ૫૦,૦૦૦ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું.

પોલીસ કેપ્ટને જણાવ્યું કે, બીજા ગુનેગારની શોધખોળ ચાલી રહી છે, જે ભાગવામાં સફળ થયો છે. જ્યારે આ મૃતકની પૂછપરછ કરવામાં આવી તો જાણવા મળ્યું કે, મૃતકનું નામ રશીદ ઉર્ફે સિપાહિયા ઉર્ફે ચલતા-ફિરતા છે, તે કુખ્યાત ગુનેગાર છે. તેની સામે સૌથી પ્રખ્યાત કેસ ભારતીય ક્રિકેટર સુરેશ રૈના સાથે સંબંધિત છે.

લૂંટ દરમિયાન તેની કાકી અને કાકા અને પરિવારના અન્ય સભ્યની હત્યા કરવામાં આવી હતી. તે બનાવમાં આ વોન્ટેડ ચાલી રહ્યો હતો.

## ધરપકડ અને અટકાયત વિશે સુપ્રીમ કોર્ટની મહત્વની ટિપ્પણી

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે નિયમો વિરુદ્ધ કોઈને કેદમાં રાખવા અંગે મોટી ટિપ્પણી કરી છે. સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે ગુનાખોરી રોકવા અને સુરક્ષા જાળવવાની જવાબદારી રાજ્યની છે, પરંતુ વ્યક્તિગત સ્વતંત્રતાનો આમાં અવરોધ ન થવો જોઈએ. કોર્ટે કહ્યું કે કાયદાની યોગ્ય પ્રક્રિયા વિના કોઈને પણ બંધક બનાવવું જોઈએ નહીં. સીઆરપીસીની કલમ ૧૬૭ મુજબ, જો તપાસ એજન્સી કસ્ટડીના દિવસથી ૬૦ દિવસની અંદર ચાર્જશીટ દાખલ કરવામાં નિષ્ફળ જાય, તો આરોપી આપમેળે જામીન માટે પાત્ર બનશે. કેટલાક ગુનાઓમાં, આ સમયગાળો ૯૦ દિવસ સુધી લંબાવી શકાય છે.ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPC) ની કલમ ૧૬૭(૨) ની જોગવાઈ (ḁ) માં ઉલ્લેખિત ૬૦/૯૦ દિવસના ડિફોલ્ટ જામીન સમયગાળાની ગણતરી કરતી વખતે અટકાયતની તારીખ ઉમેરવી જોઈએ કે કેમ તે કાયદાકીય પ્રશ્ન પર વિચારણા કરતી વખતે સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરી. જસ્ટિસ કે. એમ. જોસેફ, જસ્ટિસ હૃષિકેશ રોય અને જસ્ટિસ બી. વી. નાગરત્નની ખંડપીઠે જણાવ્યું હતું કે CrPC ની કલમ ૧૬૭ હેઠળ ઉલ્લેખિત ૬૦/૯૦ દિવસનો સમયગાળો જે દિવસે મેજિસ્ટ્રેટ આરોપીને કસ્ટડીમાં મોકલશે તે દિવસથી ગણવામાં આવશે.

## સાવધાન કોરોનાએ સ્પીડ પકડી, ૭ મહિના બાદ રેકોર્ડ એક જ દિવસમાં નોંધાયા ૩૮૨૪ નવા કોરોના કેસ

નવી દિલ્હી

ફરી એકવાર સાવધાન રહેવાની જરૂર છે, દેશમાં ફરી એકવાર કોરોનાનાએ સ્પીડ પકડી લીધી છે. ૧૮૪ દિવસ બાદ એટલે કે ૭ મહિના બાદ દેશમાં એક જ દિવસમાં રેકોર્ડ કોરોનાના નવા કેસો નોંધાયા છે, આ કેસોને જોતા કોરોનાથી સાવધાન રહેવાની જરૂર છે.

દેશની રાજધાની દિલ્હીમાં ફરી એકવાર કોરોના કેસ વધી રહ્યાં છે. દિલ્હીમાં શનિવારના કોરોના વાયરસના સંક્રમણના ૪૧૬ નવા કેસ સામે આવ્યા છે અને તેનું સંક્રમણ ૧૪.૩૭ ટકા રહ્યું છે. આ છેલ્લા સાત મહિનામાં એક દિવસમાં સૌથી વધુ કેસ. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, સંક્રમણથી એકનુ મોત પણ થયુ છે અને આ દરમિયાન દર્દીઓની સંખ્યા વધીને ૨૬,૫૨૯ થઈ ગઈ છે.

સ્વાસ્થ્ય વિભાગના આંકડા અનુસાર, દિલ્હીમાં ગુરુવારે ૧૨.૪૮ ટકાના સંક્રમણ દર સાથે ૨૯૫ કેસ સામે આવ્યા હતા.

આ ગયા વર્ષે ૩૧ અગસ્ટ પછી પ્રથમવાર બુધવારે રાષ્ટ્રીય રાજધાનીમાં ૩૦૦ કેસ નોંધવામાં કરવામાં આવ્યા હતા, અને બે દર્દીઓના મોતની પણ પુષ્ટી કરવામાં આવી છે. દિલ્હીમાં ૩૧ ઓગસ્ટે ૩૭૭ કેસ નોંધવામાં આવ્યા હતા.

દેશમાં H3N2 ઈન્ફ્લૂએન્જાના કેસમાં ઝડપથી થઈ રહેલી વૃદ્ધિ વચ્ચે દિલ્હીમાં છેલ્લા કેટલાક દિવસોમાં નવા કોવિડ કેસોની સંખ્યા ઝડપથી આગળ વધી છે. નવા કેસ સામે આવ્યા બાદ રાષ્ટ્રીય રાજધાનીમાં સંક્રમણની સંખ્યા વધીને ૨૦,૧૦,૩૧૨ થઈ ગઈ છે. આરોગ્ય વિભાગના આંકડા અનુસાર, શુક્રવારના રોજ ૨,૮૯૫ નમૂનાઓની તપાસ કરવામાં આવી હતી.

### સલીમ દુરાનીનું ભારતીય ક્રિકેટમાં મહત્વનું યોગદાન

## ભારતીય પૂર્વ ક્રિકેટર સલીમ દુરાનીએ જામનગરમાં ૮૮ વર્ષની ઉંમરે અંતિમ શ્વાસ લીધા

અમદાવાદ:

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ખેલાડી સલીમ દુરાનીનું અવસાન થયું છે. ૮૮ વર્ષના દિગ્ગજ ખેલાડી સલીમ દુરાની કેન્સરથી પીડાતા હતા. મળતી વિગતો પ્રમાણે તેમણે જામનગરમાં આજે સવારે અંતિમ શ્વાસ લીધા છે. દુરાનીને અર્જુન એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. તેમને ૧૯૬૦માં અર્જુન એવોર્ડ આપવામાં આવ્યો હતો. અફઘાનિસ્તાનમાં જન્મેલા દુરાની કરાચીમાં પણ રહી ચૂક્યા છે. દુરાની એવા ખેલાડી હતા કે તેઓ દર્શકોની માંગ પર છગ્ગો ફટકારવામાં સક્ષમ હતા. તેમણે પોતાની અંતિમ ટેસ્ટ ઈંગ્લેન્ડ સામે બ્રેબોર્નમાં રમી હતી.અફઘાનિસ્તાનમાં જન્મેલા અને ભારત માટે લાંબા સમય સુધી ક્રિકેટ રમનારા સલીમ દુરાનીએ ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેઓ દર્શકોની માંગ પર બોલને બાઉન્ડ્રીની બહાર ફેંકી દેતા હતા. દર્શકો રમતમાં રોમાંચ લાવવા માટે દુરાનીને છગ્ગો જોવાની ઈચ્છા થાય ત્યારે તેઓ આમ કરી પણ બતાવતા હતા.દુરાની ભારત



તરફથી કુલ ૨૯ ટેસ્ટ મેચ રમ્યા છે અને આ દરમિયાન તેમણે ૧૨૦૨ રન બનાવ્યા છે, જેમાં ૧ સતક અને ૭ અડધી સદીનો સમાવેશ થાય છે. આ સિવાય તેઓ બોલિંગમાં પણ મહત્વની ભૂમિકા ભજવતા હતા. તેમણે પોતાના કરિયરમાં ૭૫ વિકેટો પણ લીધી છે.

દુરાની લેફ્ટ આર્મ સ્પિન બોલિંગ કરતા હતા. સલીમ દુરાનીએ ભારત માટે માત્ર ટેસ્ટ ક્રિકેટમાં જ પ્રતિનિધિત્વ કર્યું છે. તેમણે પોતાની અંતિમ ટેસ્ટ વર્ષ ૧૯૭૩માં ૬ ફેબ્રુઆરીએ ઈંગ્લેન્ડ સામે રમી હતી. તેમની અંતિમ ટેસ્ટ ઈંગ્લેન્ડ સામે બ્રેબોર્ન સ્ટેડિયમમાં રમાઈ હતી. સલીમ દુરાનીનો જન્મ અફઘાનિસ્તાનના કાબુલમાં ૧૧ ડિસેમ્બર ૧૯૩૪માં થયો હતો. સલીમ દુરાનીએ ૧ ડિસેમ્બર ૧૯૬૦માં ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં ડેબ્યુ કર્યું હતું. આ સિવાય તેઓ ડોમેસ્ટિક ક્રિકેટ પણ રમ્યા છે. જેમાં ૧૯૫૩માં તેઓ સૌરાષ્ટ્ર તરફથી રમ્યા હતા, જે બાદ ૧૯૫૪થી ૧૯૫૬ દરમિયાન ગુજરાત અને ૧૫૬થી ૧૯૭૮ દરમિયાન રાજસ્થાન તરફથી રમ્યા હતા.સલીમ દુરાની ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ૧૭૦ મેચ રમ્યા છે, જેમાં તેમણે ૮૫૪૫ રન બનાવ્યા છે. જેમાં ૧૪ સેન્ચ્યુરી અને ૪૫ હાફ સેન્ચ્યુરીનો સમાવેશ થાય છે. તેમણે અહીં કુલ ૪૮૪ વિકેટ પણ લીધી છે.

# મહેસાણાના ચૌધરી પરિવારને અમેરિકા જવાનો મોહ ભારે પડ્યો, પહોંચે તે પહેલા જ મોત મળ્યું

મહેસાણા

કેનેડાથી અમેરિકામાં ગેરકાયદેસર રીતે નદી પાર કરીને ઘૂસણખોરી કરનારા ૮ લોકોના મોતના સમાચાર ગઈકાલે સામે આવ્યા હતા. કાદવમાંથી ૮ લોકોના મૃતદેહ મળ્યો હતા. ત્યારે તેમાંથી ચાર ગુજરાતીઓ હોવાનું ખૂલ્યું છે. મહેસાણાના વિજાપુરના ડાભલા માણેકપુર ગામના ચાર ગુજરાતીઓ અમેરિકા જતા મોતને ભેટ્યા છે. અમેરિકા જવાની લાલચે કુલ ૮ યુવાનોના બોર્ડર પાર કરતા સમયે કમકમાટીભર્યા મોત નિપજ્યાં છે, જેમા ચાર ગુજરાતીઓ સામેલ હતા.. આ તમામ લોકો કેનેડાથી ગેરકાયદેસર રીતે નાની હોડીમાં સવાર થઈને અમેરિકા જઈ રહ્યા હતા. પરંતુ વાતાવરણ ખરાબ હોવાથી હોડી ડૂબી ગઈ હતી, બાદમાં કાદવમાં તમામ લોકોના મૃતદેહો મળી આવ્યા છે. અમેરિકાના મોહમાં મોતના રસ્તે જતા પરિવારોની સંખ્યા વધી રહી છે. ફરી એકવાર ગુજરાતીઓની અમેરિકામાં ગેરકાયદે ઘૂસણખોરી સામે આવી છે. ગેરકાયદે ઘૂસણખોરીમાં એક પરિવારે જીવ ગુમાવ્યો છે. કેનેડાથી જીમાં ગેરકાયદે ઘૂસતા સેન્ટ લોરેન્સ નદીમાં બોટ પલટી હતી. ખરાબ હવામાનના કારણે બોટ પલટી થતાં ૮ લોકોના મોત થયા છે. ૪ ભારતીય સહિત કુલ ૮ લોકોએ જીવ ગુમાવ્યા હતા. જેમાં મહેસાણાના વીજાપુરમાં વસવાટ કરતું દંપતી પણ હતું.




ગુજરાતીઓની વિદેશ જવાની જીદ જીવલેણ સાબિત થઈ રહી છે. અમેરિકા-કેનેડાની બોર્ડર પર ૪ ગુજરાતીઓના મૃત્યુ થયા છે. મહેસાણા જિલ્લાના ૪ લોકોને વિદેશ જવાની જીદ મૃત્યુ તરફ લઈ ગઈ. વિજાપુરના ડાભલા માણેકપુર ગામના ૪ લોકો મોતને ભેટ્યા છે. મૃતકોમાં વીજાપુરના પતિ-પત્ની અને બે બાળકો હતા.

વિજાપુર તાલુકા ડાભલાના માણેકપુરા ગામના ચાર લોકોનો નાનકડો ચૌધરી પરિવાર અમેરિકા જવા નીકળ્યો હતો. ચૌધરી પરિવારના ચાર સભ્યો બે મહિના પહેલાં કેનેડા પહોંચ્યા હતા. જ્યાંથી ગેરકાયદેસર અમેરિકામા ઘુસણખોરી કરતાં હતા. જેમાં ત્રણ લોકોના મોત થયા છે. ચૌધરી પ્રવીણભાઈ વેલજીભાઈ (પતિ), પત્નિ દક્ષાબેન પ્રવીણભાઈ ચૌધરી, પુત્ર મિત કુમાર પ્રવીણભાઈ ચૌધરી અને પુત્રી વિધીબેન પ્રવીણભાઈ ચૌધરી કેનેડા ગયા હતા. જેમાં પિતા પુત્ર અને પુત્રીનુ મોત થયા હોવાનું જાણવામળ્યું છે. તો પત્ની હજુ લાપતા છે. આ ઘટનાને પગલે માણેકપુરા ગામમાં શોકનો માહોલ છવાયો. અમેરિકાની એક્વેસ્ને મોહોકના પોલીસ વડાએ જણાવ્યું કે એક પરિવાર ભારતીય અને એક પરિવાર રોમાનિયન મૂળનો છે. તમામ કેનેડાથી ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તો કેનેડા પોલીસે જે નામ જાહેર કર્યા છે તે મૃતકોમાં પ્રવીણભાઈ ચૌધરી (ઉં.૫૦), તેમનો પુત્ર મીત ચૌધરી (ઉં.૨૦) અને પુત્રી વિધિ ચૌધરી (ઉં.૨૪) નો સમાવેશ થાય છે.કેનેડાથી ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશવાનો પ્રયાસ કરતી વખતે બે પરિવારના આઠ લોકોના મોત થયાના સમાચાર સામે આવ્યા હતા. મૃત્યુ પામેલાઓમાં એક પરિવાર ભારતીય હતો. હવે કેનેડા પોલીસ તરફથી જાહેર કરવામાં આવ્યું છે કે આ પરિવાર ગુજરાતના મહેસાણા જિલ્લાના એક ગામનો હતો. મૃતકોમાં પિતા, પુત્ર અને પુત્રીનો સમાવેશ થાય છે. પરિવાર બોટ દ્વારા સેન્ટ લોરેન્સ નદી પાર કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. પોલીસને ગુરુવારે ક્યુબેકના એક વિસ્તારમાં પલટી ગયેલી બોટ નજીકથી મૃતદેહો મળ્યા હતા. એવી હકીકત સામે આવી કે, કુલ આઠ લોકો કેનેડાથી ગેરકાયદે અમેરિકા જઈ રહ્યા હતા. એવામાં બુધવારે રાતે હવામાન પલટાયુ હતું. ભારે પવન અને વાવાઝોડું આવ્યુ હતું. જેને કારણે બોટ નદીમાં પલટી ગઈ હતી. પોલીસને કોલ મળતા જ ત્યાં પહોંચી હતી. જેથી પાણીમાં ડૂબતા લોકોની ચીસો સંભળાઈ હતી. હાલ સમગ્ર વિસ્તારમાં હેલિકોપ્ટરથી સર્ચ ઓપરેશન ચાલુ છે. તો જેની બોટ છે તે વ્યકિત પણ ગુમ છે.

આઠ લોકોમાં બે બાળકોના મૃતદેહ મળી આવ્યા હતા તેમની પાસે કેનેડાના પાસપોર્ટ હતા. ૮ લોકોમાં બે પરિવાર હોવાનું દેખાય છે.

## પશ્ચિમ રેલવે સાબરમતી-ભુજ વચ્ચે દૈનિક સમર સ્પેશિયલ ટ્રેન દોડાવશે

| ટ્રેન નં. | ઉપડવાનું મૂળ સ્ટેશન અને અંતિમ સ્ટેશન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09455 | સાબરમતી - ભુજ | 07.04.2023 to 30.06.2023 | 17.40 hrs | 23.55 hrs |
| 09456 | ભુજ - સાબરમતી | 07.04.2023 to 30.06.2023 | 06.50 hrs | 13.30 hrs |

Halts : ચાંદલોડીયા, વીરમગામ, ધાંગ્રધા, હળવદ, માળીયા-મીયાંણા, સામખીયાળી, ભચાઉ, ગાંધીધામ અને અંજાર સ્ટેશન પર પ્રસ્થાન અને આગમન બંને સમયે થોભશે. ટ્રેન નં- ૦૯૪૫૬ વધારામાં આદિપુર રેલ્વે સ્ટેશન પર ખાસ થોભશે.

ટ્રેનની રચના : સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ

સમય, હોલ્ટ્સ અને કમ્પોઝિશન સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indiarail.gov.in ની મુલાકાત લે.

ટ્રેન નંબર ૦૯૪૫૫ અને ૦૯૪૫૬ માટે બુકિંગ ૦૩.૦૪.૨૦૨૩ થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા સાથે વિશેષ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
Like us on: facebook.com/WesternRly
Follow us on: twitter.com/WesternRly

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટ માટે અસલ આઈડી પ્રૂફ સાથે રાખો

તંત્રી સ્થાનેથી...

## રાહુલ ગાંધીને શિક્ષાનો પાઠ મળ્યો

દેશના વિકાસની લગામ નેતાઓના હાથમાં છે. દેશમાં લોકશાહી શાસન પ્રણાલીના કારણે નેતાઓ દેશને નવી દિશા આપશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. આપણે આપણા આચાર અને વર્તન દ્વારા દેશ અને સમાજ સામે આદર્શો રજૂ કરીશું. ઊલટું જો નેતાઓ જ પોતાની જીભ પર અંકુશ ન રાખી શકે તો દેશના ભલાની અપેક્ષા રાખી શકાય નહીં. અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અર્થ એ નથી કે રાજકારણીઓએ ખરાબ ભાષામાં પ્રવૃત્ત થવું જોઈએ. આવા નિરંકુશ નેતાઓ પાર્ટીના કાર્યકરો અને પદાધિકારીઓને સંયમ અને અનુશાસન રાખવાનો શું સંદેશ આપશે. સ્વ-શિસ્તને બદલે સંયમિત ભાષા અને આચરણથી કાયદા દ્વારા નેતાઓને અંકુશમાં લેવાની કાર્યવાહી તેમને અરીસો બતાવવા સમાન ગણાશે. એવી અપેક્ષા રાખવી જોઈએ કે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને તેમની અને સંસદના સભ્યપદને દુર્વ્યવહાર કરવા બદલ આપવામાં આવેલી સજા બાદ દેશના નેતાઓ તેમની જીભ પર કાબૂ રાખશે. રાહુલ ગાંધીને મળેલી સજા નેતાઓને જીભ પર કાબૂ રાખવાનો પાઠ ભણાવવામાં માઈલસ્ટોન સાબિત થશે. આનાથી ક્રમશે કમ નેતાઓમાં જાહેરમાં પ્રતિષ્ઠા માટે અયોગ્ય ટિપ્પણી કરવા માટે કિંમત ચૂકવવાનો ડર પેદા થશે. આ પહેલીવાર નથી જ્યારે રાષ્ટ્રીય સ્તરના નેતાએ કોર્ટ દ્વારા સજા ભોગવીને સંસદનું સભ્યપદ ગુમાવ્યું હોય. આ પહેલા આરજેડી નેતા લાલુ પ્રસાદ યાદવ, પૂર્વ મુખ્યમંત્રી જયલલિતા સહિત ઘણા નેતાઓએ વિધાનસભા અને લોકસભાની સદસ્યતા ગુમાવી દીધી હતી. રાહુલ સિવાયના આ નેતાઓને ફોજદારી અને અન્ય કેસમાં જેલની સજા ભોગવવાથી તેમનું સભ્યપદ ગુમાવવું પડ્યું હતું. ઉલટું, રાહુલે એક ચોક્કસ જ્ઞાતિને અપમાનિત કરવાને કારણે તેમનું સભ્યપદ ગુમાવવું પડ્યું હતું. દેશની વિવિધ અદાલતોમાં અભદ્ર ભાષાનો ઉપયોગ કરવા બદલ રાજકારણીઓ સામે બદનક્ષીના ડઝનબંધ અને ફોજદારી કેસ પેન્ડિંગ છે. આમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે પણ અડધો ડઝનથી વધુ કેસ નોંધાયેલા છે. આરએસએસ પર ટિપ્પણી કરવા બદલ રાહુલ ગાંધી પર અનેક કેસ ચાલી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૪માં રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર 'ચોકીદાર ચોર હૈ' જેવી ટિપ્પણી કરવા બદલ સુપ્રીમ કોર્ટમાં બિનશરતી માફી માંગી હતી. તેમાંથી શીખવાને બદલે રાહુલ ગાંધીએ અભદ્ર ભાષા બોલવાનું બંધ કર્યું નથી. કોર્ટની બહાર પણ રાહુલે આવી અભદ્રતા માટે ખેદ વ્યક્ત કર્યો ન હતો. હવે કોંગ્રેસ તેને રાષ્ટ્રીય મુદ્દો બનાવી રહી છે. કર્ણાટક ચૂંટણી સહિત આગામી ચૂંટણીઓમાં કોંગ્રેસ તેને મુદ્દો બનાવી રહી છે. આ પરથી એવું માનવામાં આવશે કે કોંગ્રેસ કાયદાનું સન્માન કરવાને બદલે અપેક્ષા કરીને દેશની સમસ્યાઓના વાસ્તવિક મુદ્દાઓથી મોં ફેરવી રહી છે અને સહાનુભૂતિ મેળવવાના પ્રયાસ કરી રહી છે. રાહુલ પહેલા પણ અનેક નેતાઓ સામે અભદ્ર ટિપ્પણી કરવા બદલ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે. કોંગ્રેસના ઈન્દોર યુનિટના સેવાદળના પૂર્વ જિલ્લા પ્રમુખ ચંદ્રશેખર પટેલની મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ વિરુદ્ધ અપશબ્દોનો ઉપયોગ કરવાના આરોપમાં પોલીસે ધરપકડ કરી હતી. નાગપુર પોલીસે કોંગ્રેસના પૂર્વ જિલ્લા અધિકારી શેખ હુસૈન વિરુદ્ધ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ અભદ્ર ભાષાનો ઉપયોગ કરવા બદલ ફ્રેંઈ નોંધી છે. નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં રાહુલ ગાંધી વિરુદ્ધ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની કાર્યવાહી પર કોંગ્રેસના વિરોધ દરમિયાન હુસૈને પીએમ મોદી માટે અપમાનજનક શબ્દો કહ્યા હતા. આવા જ આરોપમાં લખનૌ પોલીસે સમાજવાદી પાર્ટીના સોશિયલ મીડિયા સેલ સાથે સંકળાયેલા મનીષ જગન અગ્રવાલની ધરપકડ કરી હતી. કોલકાતા પોલીસે મુખ્યમંત્રી મમતા બેનર્જીની ગરિમાને ઠેસ પહોંચાડવાના આરોપસર કોંગ્રેસના નેતા કૌસ્તુભ બાગચીની ધરપકડ કરી છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે માનહાનિના અનેક કેસ કોર્ટમાં પેન્ડિંગ છે. જિલ્લા કે રાજ્ય કક્ષાના નેતા હોવાના કારણે આ કેસોમાં લેવાયેલી કાયદેસરની કાર્યવાહી રાષ્ટ્રીય સ્તરે ચર્ચાનો વિષય બની નથી. કોંગ્રેસના આકસ્તર સર્વેસર્વાઓના કારણે રાહુલ ગાંધી સામે લેવાયેલી કાર્યવાહીના સમગ્ર દેશમાં પડઘા પડ્યા છે. રાહુલ ગાંધીની સંસદ સભ્યતા ગુમાવવાથી નારાજ કોંગ્રેસ દેશભરમાં વિરોધ પ્રદર્શન કરીને તેને ચૂંટણીનો મુદ્દો બનાવી રહી છે. કોર્ટ દ્વારા સજા આપવામાં આવી હોવાથી રાહુલ અને કોંગ્રેસ તેના માટે ભાજપને જવાબદાર તો નહોતા માની શક્યા, પરંતુ સજાને કારણે સભ્યપદ ગુમાવવાના મુદ્દાને મુદ્દો બનાવ્યો હતો. વિપક્ષી પાર્ટીઓના નેતાઓ પણ આ મુદ્દે રાહુલ ગાંધીનું સમર્થન કરી રહ્યા છે. નવાઈની વાત તો એ છે કે કોંગ્રેસ અને અન્ય પક્ષોના નેતાઓએ અભદ્ર ટિપ્પણીઓ કરવાથી બચવાનો કોઈ પ્રયાસ કર્યો નથી. પ્રાદેશિક પક્ષોના નેતાઓએ એકબીજા સામે અને ભાજપના નેતાઓ વિરુદ્ધ અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. દેશમાં પ્રાદેશિક રાજકીય પક્ષોની સંખ્યા વધવાની સાથે સત્તા માટેની હરીફાઈએ કાયદાની સાથે સાથે નૈતિકતાની પણ તમામ હદો વટાવી દીધી છે. મોટાભાગના પ્રાદેશિક પક્ષોમાં નેતાઓના પરિવારોનું વર્ચસ્વ છે. તેથી જ સત્તા મેળવવાની સ્પર્ધાના કારણે રાજકારણમાં પતનનો દોર ચાલુ રહે છે. અન્ય પક્ષો કરતાં કોંગ્રેસ પાસે લોકસભામાં ઓછી બેઠકો હોઈ શકે છે, પરંતુ વિરોધ પક્ષોમાં કોંગ્રેસ એકમાત્ર એવો પક્ષ છે, જે ત્રણ રાજ્યોમાં સત્તા ધરાવે છે અને રાષ્ટ્રીય સ્તરે સંગઠનનું નેટવર્ક ધરાવે છે. આ કારણે કોંગ્રેસની જવાબદારી અન્ય પક્ષો કરતા વધુ છે. સાર્વજનિક જીવનમાં સંયમિત આચરણ અને પ્રામાણિકતાના ધોરણો નક્કી કરવા માટે મોટાભાગની જવાબદારી કોંગ્રેસની છે. શાસક પક્ષની નીતિઓની ટીકા કરવી એ સ્વસ્થ લોકશાહીની પરંપરા અને જરૂરિયાત છે. ઉલટું વ્યક્તિગત આક્ષેપો કરીને રાજકારણને ગંદુ બનાવવામાં આવશે તો સામાન્ય જનતાને લગતા પ્રશ્નો હાંસિયામાં જશે. તેના કારણે દેશમાં એક નવા પ્રકારનું સ્કિવ્ડ પોલિટિક્સ સર્જાશે. આવા વાતાવરણની કિંમત દેશે પછાત રહીને ચૂકવવી પડશે. એવી અપેક્ષા રાખવી જોઈએ કે રાહુલને મળેલી સજા અને સંસદ પદની ખોટ દેશના નેતાઓને જાહેરમાં બોલતા પહેલા વિચારવા મજબૂર કરશે.

# ભુજ શહેર માટે અતિ મહત્વની નલ સે જલ યોજનાનો ખાતમુહુર્ત કરાયું



ભુજ,

આજરોજ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ભુજ શહેર માટે ૩૯.૪૯ કરોડ રકમની નલ સે જલ યોજના જે મંજુર કરવામાં આવી હતી જેનું કચ્છ જીલ્લા ભાજપના પ્રમુખ અને ભુજ વિભાગના ધારાસભ્ય શ્રી કેશુભાઈ પટેલના વરદહસ્તે કરવામાં આવ્યું હતું.

આ અંગે ઉદબોધન કરતા ભુજના ધારાસભ્યશ્રી કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે આ યોજનાનો કામ જીયુડીસી કરવાની છે અને તેનું મોનીટરીંગ ભુજ નગરપાલિકા દ્વારા થવાનું છે ત્યારે આ યોજનાનું કામ ગુણવત્તાસભર થાય અને આ યોજનાનું કામ પૂર્ણ થયા બાદ ભુજ શહેરને માં નર્મદાનું પાણી ભુજ નગરપાલિકા દ્વારા પુરતા પ્રમાણમાં આપી શકાશે.

આ અંગે વધુ વિગત આપતા ભુજ નગરપાલિકાના પ્રમુખ ઘનશ્યામભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે સૌપ્રથમ તો અમો રાજ્ય સરકારના આભારી છીએ કે આટલી મોટી યોજના ભુજ શહેર માટે મંજુર કરી જેમાં ૪ અન્ડરગ્રાઉન્ડ ટાંકા, ૪ ઉંચા ટાંકા, ૧ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (૪ એમએલડી ની ક્ષમતાનું). ૧ રો વોટર સંપ, ૬ પંપ હાઉસ, ૧ દંતેશ્વર મંદિર પાસે સ્ટાફ ક્વાર્ટર, ૮ જુદા જુદા સ્થળે હયાત પમ્પ હાઉસ પર મશીનરી રિપ્લેસમેન્ટ,ડી), પાઈપલાઈન્સ, જુદા જુદા વિસ્તારમાં પેટાલાઈનો, આ બધા ટાંકા ને જોડતો ડામર/સીસી રોડ નો સમાવેશ થાય છે. ઉપરોક્ત સુવિધાઓ શહેરજનો માટે ઉભી કરવામાં આવશે. આ યોજનાનું કામ પૂર્ણ થયા બાદ સમગ્ર શહેરને માં નર્મદાનું શુદ્ધ પાણી રોજ વિતરણ કરી શકાશે,

ઉપરોક્ત કાર્યક્રમમાં કચ્છ જીલ્લા ભાજપના ઉપપ્રમુખ પંચાણભાઈ સંજોટ, કચ્છ જીલ્લા ભાજપના મહામંત્રી શીતલભાઈ શાહ, કચ્છ જીલ્લા ભાજપના મંત્રી પ્રફુલસિંહ જાડેજા, ભુજ શહેર ભાજપના મહામંત્રી જયદીપસિંહ જાડેજા, ભુજ નગરપાલિકાના ઉપપ્રમુખ રેશ્માબેન ઝવેરી, ભુજ નગરપાલિકાના શાસકપક્ષના નેતા અશોકભાઈ પટેલ, દંડક અનિલભાઈ છત્રાળા, ભુજ નગરપાલિકાના વોટરસપ્લાયના ચેરમેન ઘનશ્યામભાઈ સી. ઠક્કર, ભુજ નગરપાલિકાના ચીફ ઓફિસર જીગરભાઈ પટેલ, ભુજ નગરપાલિકા ના નગરસેવકો, સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનુભા જાડેજાએ કર્યું હતું.

## ભુજ નગરપાલિકા દ્વારા પંડિત શ્યામજી કૃષ્ણ વર્માને શ્રધાંજલિ અર્પણ



ભુજ,

આઝાદ ભારત ના સ્વપ્રદ્રષ્ટા, સ્વાતંત્ર્ય સેનાની, આઝાદી ના લડવૈયા ક્રાંતિકારી પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા ની ૯૩મી પુણ્યતિથી નિમિતે કચ્છ જીલ્લા ભાજપના પ્રમુખ અને ભુજના ધારાસભ્ય શ્રી કેશુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જ્યુબીલી સર્કલ પાસે આવેલ તેમની પ્રતિમાને હારારોપણ કરી ને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત પ્રસંગે શ્રદ્ધાસુમન આપતા ભુજ વિભાગના ધારાસભ્યશ્રી કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે શ્રી શ્યામજી કૃષ્ણ વર્માએ દેશભક્તિના પ્રતીક સમાન હતા તથા ભારતમાતા પ્રત્યેની તેમની નિષ્ઠા અપાર હતી. તેમના આદર્શોએ તેમને એક પ્રેરણા સ્ત્રોત બનાવી દીધેલ તથા અનેક ક્રાંતિકારીઓમાં તેમણે દેશભક્તિ ની જ્યોત પ્રજ્વલિત કરી હતી, આવી સ્વાતંત્ર્યસેનાની ની પુણ્યતિથી પર તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો અવસર મળ્યો તે બદલ ધન્યતા અનુભવું છું.

ભુજ નગરપાલિકાના પ્રમુખ ઘનશ્યામભાઈ ઠક્કરે શ્રદ્ધાંજલિ પાઠવતા જણાવ્યું હતું કે નગરજનો વતી શહેરના નગરપતિ તરીકે આવા વિરલ વ્યક્તિત્વને તેમની પુણ્યતિથી નિમીતે શ્રદ્ધાંજલિ અર્પણ કરવાની જે તક મળી છે ત્યારે હું ખુબ ધન્યતા અનુભવું છું. કચ્છ જીલ્લા ભાજપના મહામંત્રી શીતલભાઈ શાહ, કચ્છ જીલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ ગોદાવરીબેન ઠક્કર, પૂર્વ ધારાસભ્ય અને ભુજ શહેર ભાજપના પ્રભારી રમેશભાઈ મહેશ્વરી, ભુજ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શંકરભાઈ સચદે, ભુજ નગરપાલિકાના ઉપપ્રમુખ રેશ્માબેન ઝવેરી તેમજ નગરસેવકો ઉપસ્થિત રહી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

## ગરમીમાં ગરીબોનાં ઝુંપડે-ઝુંપડે ઠંડા પાણીનાં માટલા વિતરણ કરાયા

ભુજ,

માનવજ્યોત સંસ્થા ભુજ અને શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ દ્વારા ભુજ વિસ્તારનાં ભૂંગા-ઝુંપડામાં રહેતા અને જેના ઘરમાં ફ્રીઝ કે કુલર નથી તેવા પરિવારોને ઠંડા પાણી માટે માટીનાં માટલા વિતરણ કરાયા હતા. તથા દરેક પરિવારોને મીઠાઈ વિતરણ કરવામાં આવેલ. ભુજ શહેરનાં હંગામી આવાસ મધ્યેથી માટલા વિતરણ કાર્યનો પ્રારંભ કરાયો હતો. કાળઝાળ ગરમી અને બળબળતા તાપમાં ગરીબ પરિવારોને પણ પીવા ઠંડુ પાણી મળે તેવા હેતુ સાથે એક દાતાશ્રીનાં સહયોગથી ભુજ વિસ્તારનાં ૨૦૦ પરિવારોને ભૂંગા-ઝુંપડાઓમાં જઈ હાથો હાથ નળ સાથેનાં માટલા વિતરણ કરાયા હતા. ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદના સામાજીક કાર્યકરો ગણપત ડુમાડીયા, સંજય ડામોર, અમત સોઢા પણ આ



કાર્યક્રમમાં જોડાયા હતા. વિતરણ વ્યવસ્થા પ્રબોધ મુનવર, સુરેશભાઈ માહેશ્વરી, આનંદ રાયસોની, કનૈયાલાલ અબોટી, મુરજીભાઈ ઠક્કર, નિતિનભાઈ ઠક્કર, કરશનભાઈ ભાનુશાલીએ સંભાળી હતી.

## માંડવીના યોજાયેલા સુવર્ણપ્રાશનનાં નિઃશુલ્ક કેમ્પનો ૧૦ વર્ષ સુધીના કુલ ૪૧૫ બાળકોએ લાભ લીધો

માંડવી,

માંડવીની એન્જલ પ્લે હાઉસ એન્ડ નર્સરીના સૌજન્યથી તા. ૩૧-૩ ને શુક્રવારના ભાટીયા હોસ્પીટલમાં ૧૦ વર્ષ સુધીના બાળકો માટે સુવર્ણપ્રાશનનો નિઃશુલ્ક કેમ્પ યોજાયો હતો.

માંડવીની એન્જલ પ્લે હાઉસ એન્ડ નર્સરીના સંચાલક શ્રીમતી દક્ષાબહેન ચંપકભાઈ મામતોરા અને શ્રીમતી ઉર્વશીબેન ભુષણભાઈ વ્યાસે દિપ પ્રગટાવીને સુવર્ણપ્રાશનના નિઃશુલ્ક કેમ્પને ખુલ્લો મુકતા સુવર્ણપ્રાશનના નિઃશુલ્ક કેમ્પને માંડવીના બાળકો માટે આશિર્વાદ રૂપ ગણાવ્યો હતો.



સ્વાગત પ્રવચનમાં ભાટીયા હોસ્પીટલમાં સમયાંતરે યોજાતા મેડીકલ કેમ્પોમાં કાયમી ધોરણે સહયોગ આપતા રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શ્રી દિનેશભાઈ શાહે સૌને આવકારી ભાટીયા હોસ્પીટલમાં સુવર્ણપ્રાશનનાં નિઃશુલ્ક કેમ્પ યોજવા બદલ એન્જલ પ્લે હાઉસ એન્ડ નર્સરીના સંચાલક દક્ષાબેન મામતોરા અને ઉર્વશીબેન વ્યાસનો આભાર માન્યો હતો. અત્રે યોજાતા વિવિધ મેડીકલ કેમ્પોની શ્રી શાહે વિગતો આપી હતી.

ભાટીયા હોસ્પીટલમાં યોજાતા મેડીકલ કેમ્પોમાં સેવા આપતા ડૉ.જય કે મહેતાએ સુવર્ણપ્રાશનના ટીંપામાં શું હોય છે તેની જાણકારી આપી, સુવર્ણપ્રાશન ટીંપાથી બાળકોને થતા ફાયદા વિશે વિગતે માહીતી આપી હતી.

આ પ્રસંગે કેમ્પમાં સેવા આપનાર ડૉ.જય કે.મહેતા અને સહયોગ આપનાર દિનેશભાઈ શાહનું કેમ્પના દાતા દક્ષાબેન મામતોરા અને ઉર્વશીબેન વ્યાસે શાલ ઓઢાડીને અભિવાદન કરેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિનેશભાઈ શાહે કરેલ હતું જ્યારે શ્રીમતી ઉર્વિબેન મહેતાએ આભારવિધી કરી હતી. કવિતાબેન કષ્ટા કેમ્પમાં સહયોગી રહ્યા હતા. બાળકોના વાલીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થીત રહ્યા હતા. ૩૧-૩ ને શુક્રવારના સવારના ૯-૩૦ થી ૧-૦૦ અને સાંજના ૫ થી ૭ સુધી ચાલેલા આ કેમ્પનો ૧૦ વર્ષ સુધીના માંડવીના કુલ ૪૧૫ બાળકોએ લાભ લીધો હતો. આજ સહિત ભાટિયા હોસ્પીટલમાં કુલ ૨૨૫ મેડીકલ કેમ્પો રંગેચંગે સંપન્ન થયા હતા.

## માધાપરના એનઆરઆઈ દાતા દ્વારા ભુજની સુપર સ્પેશીયાલીટી હોસ્પિટલને ૨૦ લાખ રૂપિયાનું દાન

માધાપર,

કચ્છને દાયકાઓથી સ્થાનિકે જે આરોગ્ય સેવાની જરૂર હતી તે ઉચ્ચકક્ષાની સર્વે સગવડ યુક્ત ફાઈવ સ્ટાર હોટલ જેવી બિલ્ડીંગ સાથે કચ્છી લેવા પટેલ સમાજે શરૂ કરેલી કે. કે. પટેલ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સહીતની આરોગ્ય સેવામાં માદરે વતન આવેલા પરિવારોને સહયોગી બનવા લંડન વાસી દાતા પરિવારે અનુરોધ કર્યો અને ૨૦ લાખ રૂપિયાનો ચેક દાન રૂપે ટ્રસ્ટને અર્પણ કર્યો હતો.



લંડનમાં પ્રમોટ ટેકનોલોજી લીમીટેડથી મોટો વ્યવસાયીક વ્યાપ ધરાવતા મૂળ માધાપરના પ્રવીણ લાલજી હિરાણી, ધર્મપત્ની ઉષાબેન, પુત્ર રાજીવભાઈ, પુત્રી જૈમીનીએ માવતર મેઘબાઈબેન અને લાલજીભાઈ પુંજા હિરાણીની ચિરસ્મૃતિમાં સુપર સ્પેશિયાલીટી સેવાઓ માટે ૨૦ લાખ રૂપિયાનો ચેક આપ્યો હતો.

શુક્રવારે સાંજે આ આરોગ્યધામ નિહાળવા આવેલ દંપતીએ આંતરરાષ્ટ્રીય કક્ષાની આરોગ્ય સેવા જોઈ અચંબિત થયા હતા અને વધુ સહયોગની લાગણી સહ ભુજ સ્વામિનારાયણ મંદિર મહોત્સવમાં માદરે વતન પધારેલ હજારો પરિવારોને સમાજની આ મહાન સેવા રૂબરૂ એકવાર નિહાળવા અને અવગત થવા અનુરોધ કર્યો હતો. મૂળ માધાપરના પ્રવિણભાઈ અને ઉષાબેન દંપતીએ કહ્યું; આ કાર્યની કચ્છને દાયકાઓથી જરૂર હતી તેમણે જુદા જુદા વિભાગો, મશીનરી અને તબીબોની સેવા જોઈ પ્રભાવિત થયા હતા. સમાજના ટ્રસ્ટી ગોપાલભાઈ વેકરીયા હોસ્પિટલ બતાવવા લઈ આવ્યા હતા અને કલ્પનાતિત સર્જન જોઈ સ્થળ ઉપરજ દાનનો નિર્ણય કર્યો હતો.

ટ્રસ્ટ વતી અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયા, ઉપાધ્યક્ષ કેશરાભાઈ પિંડોરિયા, મંત્રી મનજીભાઈ પિંડોરિયા, સહમંત્રી વસંતભાઈ પટેલ, સમાજપ્રેમી સત્સંગી દાતા કે. કે. જેસાણીએ ચેક સ્વીકારી દાતા પરિવારનો આભાર માન્યો હતો. આ પરિવાર લંડનમાં કચ્છી કોમ્યુનિટી વતી ઈન્ડિયા ગાર્ડન સર્જનમાં સહયોગ આપી રહ્યા છે તે વાતની ખાસ નોંધ લેતા યુ.કે. કોમ્યુનિટી અધ્યક્ષ માવજીભાઈ વેકરીયા(કેન્ફોર્ડ) દ્વારા લેવાઈ હતી. વતનમાં સંઘર્ષ પછી લંડનમાં વ્યવસાય ક્ષેત્રે મોટું નામ કાઢનાર દાતા પરિવારે સમયાંતરે દાન આપવા લાગણી દર્શાવી કચ્છીઓની થઈ રહેલી સાર્વજનિક સેવાને બિરદાવી હતી.

## રાપર પાલિકાની વસુલાત ઝુંબેશ

રાપર,

રાપર નગરપાલિકા ધ્વારા સનેઃ-૨૦૨૨/૨૩ ના વર્ષમાં હાલે મામલતદારશ્રી અને વહિવટદારશ્રી કેતનકુમાર ચૌધરી તેમજ ઈન્ચાર્જ ચીફ ઓફિસરશ્રી નવઘણભાઈ ડી.કડ ધ્વારા

વસુલાતની જુદી-જુદી ટીમો બનાવી સઘન વસુલાત ઝુંબેશ કરવામાં આવી જેમાં, મહેશભાઈ પી. સુથાર એકાઉન્ટન્ટશ્રી તથા નરેન્દ્રસિંહ જાડેજા, હેતુભા એમ રાઠોડ, હરદેવસિંહ એમ· રાઠોડ, વિશાલઝાલા, પ્રિયેનગીરી ગુંસાઈ, નિલેશભાઈ એસ. ઠકકર (પંડીત), બી. કે.ઠકકર ધ્વારા વસુલાતની જેવી કે, તમામ પ્રકારના કરવેરા, વ્યવસાય વેરા, દુકાન સ્ટોલ ભાડા તેમજ

મોબાઈલ કેબલ ભાડા જેવી વસુલાતની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી. સનેઃ-૨૦૨૧/૨૨ ના વર્ષમાં કુલ રકમ ૧૬૭.૫૨ લાખ જેવી વસુલાત કરવામાં આવેલ

હતી.જયારે સનેઃ-૨૦૨૨/૨૩ ના વર્ષમાં ૧૮૨.૭૮ લાખની વસુલાત કરવામાં આવેલ છે.જેમાં ગત વર્ષેના ૩૨૧.૯૧ લાખ માંગણાની સામે ૪૧.૭૭% જયારે ચાલુ વર્ષે સનેઃ-૨૦૨૨/૨૩ ના વર્ષના ૩૫૬.૮૮ લાખ માંગણાની સામે ૪૧.૬૪% જેવી વસુલાત થયેલ છે.

## મુન્દ્રાની પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન સંચાલકોની તદન હંગામી ધોરણે જગ્યા ભરાશે

ભુજ,

મુન્દ્રા તાલુકાની શારદામંદિર પ્રા.શાળા-મુન્દ્રા, ગોયેરસમા વાડી પ્રા.શાળા, મોખા પ્રા.શાળા, વાઘુરા પ્રા.શાળા, પાવડીયારા પ્રા.શાળા, કુકડસર પ્રા.શાળા, બોરાણા પ્રા.શાળા, બાબીયા પ્રા.શાળા, ડેપા પ્રા.શાળા, કુવાઈ પ્રા.શાળા, નાના કપાયા વાડી પ્રા.શાળા, મોટી ભુજપુર વાંકરાઈવાડી પ્રા.શાળા, મંગરા આનંદવાડી પ્રાથિમક શાળાઓમાં વર્ષ ૨૦૨૨-૨૩ના સત્ર માટે મધ્યાહન ભોજન યોજના કેન્દ્ર સંચાલકની જગ્યાઓ તદન હંગામી ધોરણે ઉચ્ચક માનદ વેતનથી ભરવાની છે. જે માટે જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. જે માટેનું નિયત ફોર્મ મામલતદાર કચેરી, મુન્દ્રા ખાતેથી મેળવીને તા.૧૦/૪/૨૦૨૩ સુધીમાં મળે તે રીતે રૂબરૂ અથવા ટપાલથી મોકલી આપવી વધુ વિગતો માટે મામલતદાર કચેરી-મુન્દ્રાનો સંપર્ક સાધવા જણાવાયું છે

## રાપર આઇસીડીએસ ના આંકડા અધિકારી નિવૃત થતાં વિદાયમાન આપવામાં આવ્યું

રાપર,

રાપર તાલુકા પંચાયત કચેરી ના પ્રાંગણમાં આવેલ રાપર સંકલિત બાળ વિકાસ યોજના કચેરી મા ફરજ બજાવતા આંકડા અધિકારી શંકરદાન રણમલદાન ગઢવી ૩૮ વરસ ની નોકરી દરમિયાન નિવૃત થતાં આઈસીડીએસ ના ઈન્ચાર્જ સીડીપીઓ ઘટક એકના આશા ચૌધરી ઈન્ચાર્જ સીડીપીઓ ઘટક બે ના દક્ષાબેન રથવી દ્વારા નિવૃત થતા શંકરદાન ભાઈ ગઢવીને મોમેન્ટો અને શાલ ઓઢાડી સન્માન કર્યું હતું તદઉપરાંત આઈસીડીએસ કચેરીના મગનભાઈ ચૌહાણ, પુરીબા વાઘેલા, ભાવનાબેન પ્રજાપતિ, હંસાબેન ઠક્કર, જીજ્ઞાબેન, વિલાસબેન, કૈલાશબેન, મોનિકાબેન ધીરુભાઈ કિરીટ ભાઈ મંગાભાઈ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા અને શ્રી ગઢવી નું સન્માન કર્યું હતું શંકરદાન ગઢવીએ ચિત્રોડ. સલારી ભીમાસર રાપર ફતેહગઢ માંડવી વિસતરણ અધિકારી ગાંધીધામ વિગેરે સ્થળોએ ૩૮ વરસ ની ફરજ બજાવી હતી.

## ભુજ નગ રપાલિકા દ્વારા ઐતિહાસિક વેરાવસુલાતની કામગીરી કરવામાં આવી

ભુજ

ભુજ નગરપાલિકા દ્વારા ચાલુ હિસાબી વર્ષે અંદાજીત રૂ. ૨૨,૫૦ કરોડ ની વસુલાત કરવામાં આવી હતી. ભુજ શહેરની અંદાજીત ૭૦૦ કોમર્શિયલ મિલકત અને ૩૦૦૦ રહેણાંક મિલકત ચોપડે ચડાવવામાં આવી હતી.

આ અંગે વધુ વિગત આપતા ભુજ નગરપાલિકાના પ્રમુખ ઘનશ્યામભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે ભુજ શહેરની જનતાનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરું છે કે આ વેરાવસુલાત ઝુંબેશમાં આપસૌ એ સાથ સહકાર આપ્યો. આપના સાથ સહકાર થકી જ શહેરના વિકાસના કામો કરી શકીશું. આજે કહેતા ખુશી થાય છે કે સમગ્ર ટીમના સાથ અને સહકાર થી આ વેરા વસુલાત ઝુંબેશ ઐતિહાસિક બની છે.

વર્ષ ૧૯૯૬માં મારા સ્વ. પિતાશ્રી દ્વારા પણ ઐતિહાસિક વેરાવસુલાત કરવામાં આવી હતી. આજે જ્યારે મારા નેતૃત્વમાં આ વેરા વસુલાત થઈ છે ત્યારે હું સમગ્ર ટીમનો તેમજ શહેરીજનોનો હ્રદયપૂર્વક આભાર માનું છું અને આવનારા દિવસોમાં શહેરીજનોને આવા જ સાથ સહકારની અપેક્ષા સાથે વિનંતી કરું છું

ભુજ નગરપાલિકા દ્વારા વેરા વસુલાત ની કામગીરી પુર જોશમાં ચાલુ રહી હતી. આજે જ્યારે નાણાકીય વર્ષનું છેલ્લું દિવસ છે ત્યારે ભુજ નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી જીગરભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અને ટેક્સ કમિટીના ચેરમેન ધીરેનભાઈ લાલન તેમજ ટેક્સ સુપ્રીટેન્ડન્ટ




અરવિંદસિંહ જાડેજાની આગેવાની હેઠળ તેમની ટીમ દ્વારા આખું વર્ષ બીલો ની બજવણી કરીને વેરા વસુલાત ની સઘન કામગીરી કરાઈ હતી. ભુજ શહેર ના નાગરીકો ની સહેલાઈ માટે જાહેર રજા ના દિવસોમાં પણ વેરા વસુલાત ની કામગીરી ચાલુ રખાઈ હતી. ત્યાર બાદ ભુજ નગરપાલિકાના ઉપપ્રમુખ રેશ્માબેન ઝવેરી, કારોબારી ચેરમેન જગતભાઈ વ્યાસ, શાશકપક્ષના નેતા અશોકભાઈ પટેલ, દંડક અનિલભાઈ છત્રાળા તેમજ તમામ ચૂંટાયેલા નગરસેવકો પણ વેરા વસુલાતની કામગીરીમાં જોડાયા હતા. આજે રાત્રે ૮:૦૦ વાગ્યા સુધી પ્રોપર્ટી ટેક્ષ ની વસુલાત અંદાજીત રૂ, ૨૦ કરોડ થઈ હતી, તેમજ વ્યવસાય વેરો અંદાજીત રૂ. ૦૨ કરોડ અને દુકાન ભાડું રૂ. ૬૫ લાખ એમ મળીને અંદાજીત કુલ રૂ. ૨૨.૫૦ કરોડ જેટલી આવક થયેલ હતી.

## કંડલા-દિલ્હી વચ્ચે તા. ૪/૪/૨૩થી વિમાની સેવા શરૂ થશે : વિનોદ ચાવડા

ભુજ,

ખુબજ જરૂરી અને દેશની રાજધાની ને કચ્છ થી જોડતી વિમાની સેવા કંડલા થી ચાલુ હતી જે ઘણા સમય થી વિના કારણે બંધ થઈ જતા કચ્છ ના સાંસદશ્રી વિનોદભાઈ ચાવડાએ કેન્દ્ર સરકારમાં નાગરીક ઉડયન વિભાગમાં લેખિત મૌખિક રજુઆતો કરતાં તારીખ ૦૪ એપ્રિલ થી ફરી કંડલા - દિલ્હી વચ્ચે વિમાની સેવા શરૂ થશે.

સાંસદશ્રીએ જણાવ્યુ હતું કે, સ્પાઈસ જેટ વિમાની સેવાની ફ્લાઈટ નંબર એસજીઆઈ૨૩૪૮ બપોરે ૨:૫૫ મિનિટે દિલ્હી થી રવાના થઈ ૫:૨૦ મિનિટે કંડલા આવશે અને ફ્લાઈટ નંબર એસજીઆઈ ૨૩૪૯ સાંજે ૫:૫૦ મિનિટે કંડલા થી રવાના થઈ રાત્રે ૮:૪૦ મિનિટે દિલ્હી પહોચશે. કચ્છ અને દિલ્હી વચ્ચે આવન જાવન માટે માત્ર ભુજ - બરેલી (આલા હઝરત) ટ્રેન જ માધ્યમ છે. જેમાં ૨૦ થી ૨૧ કલાક લાગે છે. સુપર ફાસ્ટ ટ્રેન અને રેગ્યુલર વિમાની સેવા શરૂ થાય માટે ભાર પૂર્વક કેન્દ્ર સરકારમાં



રજુઆત કરતાં તારીખ ૦૪ એપ્રિલ ૨૦૨૩ થી કંડલા - દિલ્હી વિમાની સેવા શરૂ થાય છે. જે નિર્ણય ને આવકારતા સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા એ જણાવ્યુ હતું કે ભુજ - દિલ્હી વચ્ચે પણ વંન્દે માતરમ ટ્રેન જેવી સુવિધા ની લોક માંગણી સરકારશ્રી જરૂર થી પુરી કરશે તેવા સકારાત્મક પ્રતીભાવ સાંપડે છે. વિમાની સેવા શરૂ થાય છે. માટે માન. વડાપ્રધાનશ્રી તથા ઉડયન મંત્રાલય નો આભાર ગુજરાત પ્રદેશ ભાજપા મહામંત્રીશ્રી અને કચ્છ સાંસદશ્રી વિનોદભાઈ ચાવડાએ માન્યો હતો.

જી-૨૦ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન સમિટમાં પધારેલા પ્રતિનિધિશ્રીઓએ સ્મૃતિવન મેમોરિયલની મુલાકાત લીધી, વિદેશ મહેમાનોએ સ્મૃતિવન ખાતે કચ્છી બનાવટની વિવિધ વસ્તુઓની ખરીદી કરી

# સ્મૃતિવન મેમોરિયલ નિહાળીને પ્રતિનિધિશ્રીઓએ ભૂકંપના દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પી







**મ્યૂઝિયમમાં ભૂકંપની અનુભૂતિ કરાવતા વિશેષ થિયેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે જે વિશ્વમાં સૌથી મોટા સિમ્યુલેટર પૈકીનું એક**

ભુજ,

ગાંધીનગર ખાતે ૩૦ માર્ચથી ૧ એપ્રિલ સુધી પ્રથમ વર્કિંગ ગ્રુપ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન મીટિંગ આયોજન કરાયું છે. જે અનુસંધાને વર્કિંગ ગ્રુપ મીટિંગના સભ્યો ૧ એપ્રિલના રોજ કચ્છ જિલ્લાના મુખ્યમથક ભુજ ખાતે સ્મૃતિવન મેમોરિયલની મુલાકાતે પધાર્યા હતા. પ્રતિનિધિશ્રીઓ સહિત મહાનુભાવોએ સ્મૃતિવન મેમોરિયલની મુલાકાત લઈને ભૂકંપના દિવંગતોને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

ભૂકંપના દિવંગતોની યાદમાં બનેલા કચ્છના ભુજ ખાતેના સ્મૃતિવન મેમોરિયલની જી-૨૦ની પ્રથમ વર્કિંગ ગ્રુપ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન સમિટના સભ્ય દેશો, આમંત્રિત દેશો તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધિશ્રીઓએ ફિલ્ડ વિઝીટના ભાગરૂપે મુલાકાત લીધી હતી.

કચ્છની ધરતી પર પધારેલા ડેલિગેટસ સહિત મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. GSDMAએ વતી શ્રી રાજા ભટ્ટાચાર્યે પધારેલા ડેલિગેટસને મ્યૂઝિયમ નિર્માણ વિશેની તથા અન્ય આકર્ષણો વિશેની માહિતી આપી હતી. સ્મૃતિવન મ્યૂઝિયમમાં જીવનની ઉત્પત્તિ તેમજ ભૂકંપની સ્મૃતિઓને દર્શાવતી અલગ અલગ ગેલેરીઝની પ્રતિનિધિશ્રીઓએ નિહાળી હતી.

મ્યૂઝિયમમાં ભૂકંપની અનુભૂતિ કરાવતા વિશેષ થિયેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે જે વિશ્વમાં સૌથી મોટા સિમ્યુલેટર પૈકીનું એક છે. અહીં જી-૨૦ના સભ્યશ્રીઓને ભૂકંપનો અનુભવ કરાવવામાં આવ્યો હતો.

આ સાથે પ્રતિનિધિશ્રીઓએ સ્મૃતિવનમાં મ્યૂઝિયમની કુલ સાત ગેલેરી જેમાં પુનઃજન્મ, પુનઃપ્રાપ્તિ, પુનઃસ્થાપના, પુનઃનિર્માણ, પુનઃવિચાર, પુનઃજીવન અને નવીનીકરણ નિહાળીને દુનિયાની ઉત્પત્તિથી માંડીને કુદરતી આપદા, આપદા સામેની ભવિષ્યની તૈયારીઓ વિશે વિગતો મેળવી હતી. આ ઉપરાંત ઐતિહાસિક હડપ્પન વસાહતો, ભૂકંપને લગતી વૈજ્ઞાનિક માહિતી, ગુજરાતની કલા અને સંસ્કૃતિ, વાવાઝોડાનું વિજ્ઞાન, રિયલટાઈમ આપદા સ્થિતિ અંગે કંટ્રોલ રૂમ દ્વારા સમજૂતી તેમજ ભૂકંપ બાદના કચ્છની સાફલ્યગાથાઓ અને રાજ્યની વિકાસયાત્રાને વીડિયો પ્રેઝન્ટેશનના માધ્યમથી ડેલિગેટ્સ એ નિહાળી હતી. ધીરજ, અવિરત હિંમતની માનવકથાઓ તેમજ ભૂકંપની આપદામાં બચી ગયેલા લોકોના સંસ્મરણો વીડિયોના માધ્યમથી ડેલિગેટ્સ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

અંતિમ ગેલેરીમાં ભવિષ્ય માટે સંદેશ લખીને ડેલિગેટ્સ એ ભાવપૂર્વક કચ્છના ૨૦૦૧ના વિનાશક ભૂકંપના દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પી હતી. વિદેશી ડેલિગેટ્સ વિલ્યા ખીમએ પોતાના ભવિષ્યના સંદેશમાં લખ્યું કે, "આપણે ભૂતકાળના આપદાના અનુભવો પરથી શીખ મેળવીને ભવિષ્યની આપદાઓનું જોખમ નિવારી શકીએ છીએ". ડેલિગેટ્સ એ કચ્છી બનાવટની વિવિધ વસ્તુઓની ખરીદી કરી હતી.

આ મુલાકાત દરમિયાન કચ્છ જિલ્લા કલેકટર શ્રી દિલીપ રાણા, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક શ્રી સૌરભ સિંઘ, ભુજ પ્રાંત અધિકારી શ્રી અતિરાગ ચપલોત, તાલીમી આઈએએસ અધિકારી શ્રી સુનિલ સોલંકી, સુશ્રી નીતિ ચારણ, અંજાર પ્રાંત અધિકારી શ્રી મેહુલ દેસાઈ, મુખ્ય જિલ્લા તબીબી અધિકારી શ્રી ડો. કશ્યપ બૂચ, ભુજ ગ્રામ્ય મામલતદાર શ્રી વિવેક બારહટ સહિત જિલ્લા વહીવટીતંત્રના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્મૃતિવન મ્યૂઝિયમ ડાયરેકટર શ્રી મનોજ પાંડે, ઓપરેશન હેડ શ્રી વ્યોમ અંજારીયા, ગાઈડ સર્વ શ્રી સવિતા ચાવડા, દિવ્યા ગોર, જગદીશ ચાવડા, મિનાઝ સમા, મિત ગોહિલ, સાગર ગુસાઈ આ મુલાકાતને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# જુનીયર કલાક વર્ગ-૩ની પરીક્ષાના કેન્દ્રના કચ્છના વિદ્યાર્થીઓની હાલત કફોડી

આણંદપર(યક્ષ)

સરકારના કાયદા અને નીતિ નબળી હોવાના કારણે અવારનવાર પરીક્ષાઓના પેપર લીક થતા હોય છે.જેના કારણે વિદ્યાર્થીઓ તકલીફ ભોગવી રહ્યા છે.એકતો એક મહિના અગાઉ પરીક્ષાઓ માટે તૈયારીઓ કરતા હોય છે.કચ્છ જીલ્લો એક છેવાડાનો અને વિસ્તારની દ્રષ્ટિએ મોટો હોવાથી છેટ છેવાડાના ગામડાંઓ માથી બસોથી અઢીસો કિલોમીટર કાપીને પરીક્ષા કેન્દ્ર પર પહોંચતા હોય છે.અને પેપર લીક થતા હોય છે.અને પરીક્ષા રદ કરવામાં આવે ત્યારે મહેનત કરેલ તેમજ પરીક્ષા સ્થળે બસોથી અઢીસો કિલોમીટર કાપીને આવતા વિદ્યાર્થીઓની હાલત કફોડી જોવા મળતી હોય છે.

કચ્છના વિદ્યાર્થીઓને પહેલા એચટીએટી જેવી પરીક્ષા દેવા બીજા જીલ્લામાં જવું પડતું હતું.જુનીયર ક્લાર્ક જેવી પરીક્ષાઓના કેન્દ્ર કચ્છમાં જ આવતા જેથી કરીને વિદ્યાર્થીઓને સારી એવી સગવડ મળી રહેતી હતી.ગઈ તા.૨૯/૧/૨૩ના જુનીયર ક્લાર્ક વર્ગ-૩નું પેપર લીક થવાથી પરીક્ષા રદ કરવામાં આવી હતી.જેના કારણે કચ્છના વિદ્યાર્થીઓને પરેશાની ભોગવવી પડી હતી.અમુક વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્ર પર પહોંચી ગયા હતા તો અમુક પહોંચવાની તૈયારીઓમાં હતા આમ થવાથી ટ્રાવેલીગ ખર્ચ,માનસીક તણાવ તેમજ તેમને કરેલી તૈયારી ફેલ જવાથી મનથી ભાંગી પડયા હતા.કચ્છ જીલ્લો બીજા જીલ્લાથી સૌથી વધારે વિસ્તાર ધરાવતો જીલ્લો છે.જેથી કરીને છેવાડાના ગામડામાંથી બસો થી અઢીસો કિલોમીટર કાપીને વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્ર પર પહોંચતો હોય છે. તા.૯/૪ના લેવાનાર જે તા.૨૯/૧/૨૩ના જુનીયર ક્લાર્ક વર્ગની પરીક્ષા પેપર લીક થવાના કારણે રદ કરવામાં આવી હતી જે પહેલા કચ્છના વિદ્યાર્થીઓ માટે કચ્છમાંજ પરીક્ષા કેન્દ્ર રાખવામાં આવ્યું હતું.જે હાલ કચ્છના વિદ્યાર્થીઓને પાટણ જીલ્લામાં પરિક્ષા કેન્દ્ર આપવામાં આવ્યું છે.કચ્છ જીલ્લો વિસ્તારની દ્રષ્ટિએ તેમજ સરહદી જીલ્લો હોવાથી કચ્છના વિદ્યાર્થીઓને કચ્છ જીલ્લામાં જ આપવું જોઈએ આમ વિસ્તાર મોટો હોવાથી પરીક્ષા કેન્દ્ર પર પહોંચતા વાર લાગતી હોય છે.જયારે બીજા જીલ્લાઓ નજીક નજીક હોવાથી બીજા જીલ્લાના વિદ્યાર્થીઓ જલ્દી પહોંચી જતા હોય છે.આમ કચ્છના વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર બીજા જીલ્લામાં આપવામાં આવતા છેવાડાના વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાનું ટાળશે.તંત્રે આ બાબતે ઘટતું કરીને કચ્છના વિદ્યાર્થીઓને જે અન્યાય થઈ રહ્યો છે.એ બાબતે ઘટતું કરવું જોઈએ તેમજ આ ક્ષેત્રે કચ્છના રાજકીય કે સામાજિક આગેવાનો આગળ આવી કચ્છને સાચો ન્યાય મળે એવું કરવું જોઈએ. નહિતર હમણાજ નજીકમાં આવતી તલાટીની પરક્ષાનું કેન્દ્ર કચ્છના બદલે બીજા જીલ્લામાં આપી દેશે.રાજય સરકાર દ્વારા લેવામાં આવતી દરેક સ્પર્ધાત્મક પરીક્ષાના કેન્દ્ર કચ્છના વિદ્યાર્થીઓને કચ્છમાંજ મળવા જોઈએ તેવી જાગૃત વાલીઓ તેમજ વિદ્યાર્થીઓની માંગણી છે.

# ભુજ તાલુકાના ભારાસર પ્રાથમિક ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો વિદાયમાન કાર્યક્રમ યોજાયો

આણંદપર(યક્ષ)

ધોરણ ૧ થી ૮ ના બાળકોનો રમતોત્સવ સાથે આજ રોજ ભુજ તાલુકાની શ્રી ભારાસર પ્રા.કુમાર શાળા ખાતે ધોરણ ૮ ના વિદ્યાર્થીઓનો વિદાય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ પ્રસંગે ભારાસર મિત્ર સેવા મંડળ ના પ્રમુખ ભીમજીભાઈ વરસાણી,માનકુવા સી.આર.સી. કોર્ડીનેટર રાજેશભાઈ નંદાણીયા, કન્યા શાળાના આચાર્ય દર્શનાબેન સોની,કુમાર શાળાના પૂર્વ આચાર્ય કાંતિભાઈ ગુસાઈ,પૂર્વ શિક્ષક વિનોદભાઈ અબોટી,હાલના કુમાર શાળાના આચાર્ય મમતાબેન ગોસ્વામી, એસ.એમ.સી.અધ્યક્ષ અરુણાબેન કેરાઈ મંચસ્થ રહ્યા હતા.આ ઉપરાંત એસ.એમ.સી.ના સભ્ય શ્રી ઓ,પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટેફી મેડમ,આશા વર્કર જ્યોત્સનાબેન, સવિતાબેન,આંગણવાડી વર્કર નિકિતાબેન, એમડીએમ સંચાલક ગંગાબેન,શાળાના સૌ શિક્ષક ભાઈ બહેનો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



વિદાય લઈ રહેલા ધોરણ ૮ના સૌ વિદ્યાર્થીઓને જીવન ઘડતરનું સુંદર પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું.ધોરણ ૮ના સૌ વિદ્યાર્થીઓ દ્વારા શાળાના ૧ થી ૮ના વર્ગ માટે દિવાલ ઘડિયાળની ભેટ આપવામાં આવી હતી.આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પોતાની લાગણી પોતાના શબ્દોમાં વ્યક્ત કરી હતી. સાથે શાળા પરિવાર વતી શાળાના શિક્ષક અભિષેકભાઈ , ભક્તિબેન,મિરલબેને સૌ વિદ્યાર્થીઓને શુભેચ્છા સહ પ્રસંગ દ્વારા સારી સીખ આપી હતી. ઉપસ્થિત મહેમાનો તથા શાળાના આચાર્ય શ્રી મમતાબેને પણ બાળકોને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા સહ આશીર્વાદ પાઠવ્યા હતા.આ પ્રસંગે પૂર્વ શિક્ષક વિનોદભાઈ અબોટીનું ઓક્ટોબર ૨૦૨૨ માં વય નિવૃત્ત થતા શાળા પરિવાર વતી તેમને શાલ ઓઢાડી શિવ પરિવારની ફ્રેમ ભેટ આપવામાં આવી હતી. બપોરે ધોરણ ૧ થી ૮ ના તમામ બાળકોને પૂરી શાક, મોહનથાળ, બટેટા વડા, દાળ ભાત છાસનું સ્વાદિષ્ટ ભોજન શાળાના સૌ શિક્ષક સ્ટાફ દ્વારા તિથી ભોજન રૂપે પીરસી સારા કાર્યમાં આનંદથી સહભાગી બન્યા હતા. ઉપસ્થિત મહેમાનો પણ સાથે ભોજન લીધું હતું.

# વિથોણ કુમાર ગ્રૂપ શાળાનો વિદ્યાર્થી ઓમ સામાણી એનએમએમએસ શિષ્યવૃતિ મેરીટમાં સ્થાન પામ્યો

આણંદપર(યક્ષ)

નખત્રાણા તાલુકાની વિથોણ કુમાર ગ્રુપ શાળાનો ઓમ હસમુખભાઈ સામાણી એનએમએમએસ શિષ્યવૃતિ મેરીટમાં સ્થાન પામ્યો છે. ઓમ સામાણીએ એનએમએમએસ પરીક્ષામાં ૧૩૩ માર્કસ મેળવેલ હતા. વિથોણ શાળામાં દરેક પ્રવૃતિમાં રસ ધરાવનાર ઓમ સામાણી પહેલેથી હોશિયાર હતો.જેને ધોરણ ૬ થી ૮ ના સા.વિ. ના શિક્ષક હેતલબેન પટેલના માર્ગદર્શન હેઠળ આ સિધ્ધી હાંસલ કરી હતી.બેન શ્રી પરીક્ષા અગાઉ બે માસથી પ્રાર્થના સમય પહેલા ૧ કલાક શાળામાં જ કોચિંગ આપતા હતા.આ પરીક્ષા ધોરણ ૮ માં અભ્યાસ કરતાં બાળકો આપી શકે છે.જેમાં ચાર વર્ષ એટલે કે ધોરણ ૯ થી ૧૨ એમ ચાર વર્ષ મહિને હજાર એમ વર્ષની ૧૨૦૦૦ લેખે ચાર વર્ષની ૪૮૦૦૦ શિષ્યવૃતિ મળે છે જે બાળકના આગળના શિક્ષણમાં ઉપયોગી થાય છે.



સાથે સાથે બાળકોને પહેલેથી કોંપીટેશન પરીક્ષાથી અવગત થાય છે.બહારની પરીક્ષાના માહોલનો ખ્યાલ આવે છે જેથી આગળના આવતી બોર્ડની પરીક્ષાનો ભય દૂર થાય છે.હાલના સમયમાં કોંપીટેશન પરીક્ષાથી જ સરકારી નોકરી મળતી હોવાથી બાળકોને આગળ જતાં લાભ થાય છે. મેરીટમાં આવે કે ન આવે પણ આવી પરીક્ષાથી બાળકને પરીક્ષાનો ડર અવશ્ય દુર થાય છે.આટલી મોટી સિધ્ધિ મેળવવા બદલ ગ્રૂપ શાળાના આચાર્ય કાંતિલાલ પટેલ, સી.આર.સી.કો.ઓ. ગીતાબેન વડુકૂળ,ગ્રૂપના તમામ આચાર્યો અને શિક્ષકોએ ઓમ હસમુખભાઈ સામાણીને તથા સમગ્ર સ્ટાફને અભિનદન પાઠવ્યા હતા.

યુવાશક્તિને યોગ્ય દિશા મળવાથી ગુજરાતના વિકાસને નવતર ઊંચાઇ મળી છે

# શિક્ષિત અને દિક્ષિત બની ગુજરાતનો યુવાન આજે વિશ્વ સમસ્તમાં ડંકો વગાડે છે : દેવાંગ મેવાડા

આજના સમયે શિક્ષણ મૂળભૂત જરૂરિયાત છે ત્યારે ગુજરાતમાં બાળકોને બાળમંદિરથીલઈને ઉચ્ચ શિક્ષણ સુધીશિક્ષાની દીક્ષા આપવા માટે રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે શિક્ષણનું સુદઢ માળખું વધુ સારી રીતે વિકસિત કરીને નવા આયામો સાથે લાખો બાળકોને તેમના સર્વાંગી વિકાસ માટે શિક્ષિત કરી રહી છે. આજે દેશની કુલ વસતીના ૬૫ ટકા નાગરિકો ૩૫ વર્ષની ઉંમરના યુવાનો છે. યુવાનો એટલે મનથી મજબૂત અને શરીરથી સશક્ત. આજે ભારત પાસે દુનિયાના સૌથી યુવા અને કૌશલ્યવાન કામદારોની ફોજ ઉપલબ્ધ છે. છેલ્લા ૧૦૦ દિવસોમાં રાજ્યનો દરેક યુવા વિકાસની વિકાસની મુખ્યધારામાં ભળે એ હેતુથી ટેકનોલોજીના સમન્વયથી રાજયસરકારે શહેરથી લઈને ગ્રામીણવિસ્તારોમાં સ્માર્ટ એજ્યુકેશન પર ભાર મૂકયો છે.ક્વોલીફાઈડ શિક્ષકો સાથે ગુણવત્તાસભર શિક્ષણ વ્યવસ્થાના કારણે વાલીઓને સરકારી શાળાઓ-કોલેજો પર ભરોસો બેઠો છે. ગુજરાતના યુવાનોને વિશ્વકક્ષાનું શિક્ષણ ઘર આંગણે મળી રહે તે માટે ઓસ્ટ્રેલિયાની ડીકન યુનિવર્સિટીના સર્વ પ્રથમ ઈન્ટરનેશનલ બ્રાન્ચ કેમ્પસ ગીફ્ટ સિટીમાં સ્થપાશે. રાજ્યના યુવાઓ ઉચ્ચ શિક્ષણમાં આગળ વધી શકે તે માટે ૩૩,૬૫૯ યુવાનોને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ઉચ્ચ શિક્ષણ માટે સહાય પ્રદાન કરવામાં આવી છે.

ધોરણ ૧ થી ૮માં રાજ્ય સરકાર દ્વારા ખાનગી શાળામાં પ્રવેશ આપવામાં આવેલ અને ધોરણ-૮નો અભ્યાસ પૂર્ણ કરી ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ માટે ૨૫,૦૦૦ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સ્કૂલ વાઉચર આપવા માટેની યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ હેઠળ૭,૪૧૫ થી વધુ વર્ગખંડોના બાંધકામની કામગીરી શરૂ અને ૨૧,૮૫૨ થી વધુ સ્માર્ટ ક્લાસરૂમના ઈન્સ્ટોલેશનની સુદ્રઢ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. મૃદુ અને મક્કમ મુખ્યામંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે લોકહિતાર્થે ઘણાં અઘરાં નિર્ણયો પણ લીધા છે, નેવાના પાણી મોભે ચઢાવ્યાં છે, જી-૨૦ સમિટ થકી ફક્ત દેશમાં જ નહીં, પણ વિદેશમાં પણ ગુજરાતની છબી ઊજાગર કરી છે.માતૃભાષાને પ્રોત્સાહન અને રક્ષણ આપવા રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં હવેથી ધોરણ ૧ થી ૮ સુધી ગુજરાતી ભાષાના ફરજિયાત શિક્ષણનું નક્કર અમલીકરણઃ 'ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક, ૨૦૨૩' વિધાનસભા ગૃહમાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસમાં પરંગતતા કેળવે એ હેતુથી રાજ્યના ૨,૬૫,૯૮૪ વિદ્યાર્થીઓને પ્રાથમિક અને માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા માટે વિનામૂલ્યે કોચિંગ આપવામાં આવ્યું છે. રાજ્યના ૨,૦૪,૧૭૭ વિદ્યાર્થીઓને દ્રસ્સ્જી પરીક્ષાની વિનામૂલ્યે તાલીમ આપવામાં આવી. ધોરણ ૯ થી કોલેજ સુધીનો અભ્યાસ કરતાં રાજ્યના ૬,૮૪૫ વિદ્યાર્થીઓને રૂ.૧૨ હજાર સબસિડીના લાભ સાથે બેટરી સંચાલિત દ્વીચક્રીય વાહન માટે સહાય આપવામાં આવી છે. રાજ્યનાં નાનામાં નાના ગામ અને કસ્બા સુધી શિક્ષણ પહોંચે તે માટે જૂન-૨૦૨૩થી શરૂથતા નવા સત્ર અન્વયે પ્રાથમિક શાળામાં વર્ગ વધારાની મંજૂરી માટે સમયગાળો લંબાવવામાં આવ્યો છે. '૨૧ ફેબ્રુઆરી - વિશ્વ માતૃભાષા દિવસ'ની રાજ્યકક્ષાની ઊજવણી મારી ભાષા મારું ગૌરવ'' વિષય પર બાળકો અને શિક્ષકો દ્વારા રાજ્યભરમાં ૧૦૦ જેટલાં સ્થળોએ નિદર્શનયોજવામાં આવ્યા હતાં.

શાળામાં ભણતા બાળકોની બેગનું વજન હળવું કરી, ભાર વગરના ભણતરના ધ્યેયને સાકાર કરવા ધોરણ ૬ થી ૮માં અભ્યાસ કરતા પ્રિ-વોકેશનલ વિદ્યાર્થીઓ માટે ૧૦ 'બેગલેસ ડે.' તરીકે ઉજવવામાં આવ્યા. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૭૭૫ જેટલી વિવિધ સમસ્યાઓના ઉકેલ માટે તા.૧૦-૧૧ ફેબ્રુઆરી-૨૦૨૩ના રોજ રાજ્યના ૧૦ કેન્દ્રો ઉપર હેકાથોન-૨૦૨૨નો ફાઈનલ રાઉન્ડ યોજાયો. જેમાં અંદાજીત ૨,૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મક્કમ સરકારે શિક્ષણ ક્ષેત્રે અનેક નવતર કેડીઓ કંડારી છે. ગુજરાત યુનિવર્સિટી ખાતે ક્લાયમેટ ચેન્જ વિભાગની શરૂકરવામાં આવ્યો છે. ૧૧૦ જેટલી સરકારી કોલેજોમાં લાઈબ્રેરી માટે રૂ.૫૦ લાખના પુસ્તકો વસાવવામાં આવ્યા છે જ્યારે ૩૨ જેટલી સરકારી કોલેજોમાં વિજ્ઞાન લેબોરેટરીને રૂ.૨ કરોડની સાધન સામગ્રીથી સુસજ્જ કરવામાં આવી છે. આ ઉપરાંતમોરબી, જામખંભાળીયા, વેરાવળ, બોટાદમાં જિલ્લા ગ્રંથાલય સેવાઓનો આરંભ કરવામાં આવ્યો અને ગુજરાતના અનસંગ હિરોઝના જીવનકવન પર આધારિત ગુજરાત ગૌરવગાથા શ્રેણી અંતર્ગત ૨૫ પુસ્તકો પ્રસિદ્ધ કરાયાં છે. ખ્યાતનામ આંતરરાષ્ટ્રીય સંસ્થા ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (ઈઝ્રઢ) સાથે એગ્રિમેન્ટ કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. રાજ્યના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ધોરણ ૬ થી ૧૨ સુધીનું શ્રેષ્ઠ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ વિનામૂલ્યે મળે એ માટે સામાજિક ભાગીદારી સાથે ઉચ્ચસ્તરીય શૈક્ષણિક સુવિધા ધરાવતી ૪૦૦ 'જ્ઞાનસેતુ ડે સ્કૂલ' કાર્યરત કરવામાં આવી છે. ગુજરાત સરકારે મુખ્યમંત્રી યુવા સ્વાલંબન યોજના, મુખ્યમંત્રી એપ્રેન્ટિસિપ યોજના અને શક્તિદૂત યોજના અન્વયે યુવાઓના સર્વાંગી વિકાસ માટેના અભિનવ પ્રયાસો કર્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે યુવાઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આગામી વર્ષોમાં ગુજરાત કે ભારતના વધુને વધુ ખેલાડી ઓલમ્પિક માટે ક્વોલિફાય થાય અને વર્ષ ૨૦૩૬માં ઓલમ્પિક રમતોત્સવનો સફળ આયોજન થાય તે માટે ગુજરાતે તડામાર તૈયારીઓ શરૂકરી દીધી છે.

સરકારી ભરતી મિશન મોડ ઉપર છે. રાજ્યના યુવાધનને રોજગારી મળી રહે તે માટે ૧૦,૩૩૮ જેટલી લોકરક્ષક સંવર્ગની ભરતી, ૩૨૫ બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર સંવર્ગની ભરતી અને ૧,૨૮૭ પોલીસ સબ ઈન્સ્પેક્ટર સંવર્ગની ભરતી પૂર્ણ કરી. વધુ યુવાનોને રોજગારી મળે તે માટે આ વર્ષે નવી ૮,૦૦૦ ભરતીનું આયોજનકરાયું છે.રાજ્યના કૌશલ્યવાન યુવાઓને રોજગાર મળી રહે તે માટે રાજ્યમાં ૪૬૨ જેટલા ભરતી મેળાઓનું આયોજન કરાયું, સાથોસાથ રાજ્યમાં એક જ દિવસમાં ૨૫૦૦ થી વધુ કર્મયોગીઓને નિમણૂકપત્રો આપીને સરકારી સેવામાં જોડવામાં આવ્યા. બિન સચિવાલય ક્લાર્ક-ઓફિસ આસિસ્ટન્ટ સંવર્ગમાં ૨૩૦૬, ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨માં ૧૩૩ અને ખેતીવાડી અધિકારી વર્ગ-૨ સંવર્ગમાં ૯૨નું નવું માનવબળ રાજ્ય વહીવટી તંત્રને પ્રાપ્ત થયું.

સરકારી નોકરીમાં પારદર્શિતાથી ભરતી થાય, મહેનતુ વિદ્યાર્થીઓની મહેનત એળે ન જાય એ માટે સરકારે ઠોસ કદમ ઉઠાવ્યું છે. વિધાનસભામાં ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયક-૨૦૨૩ પસાર કરાયું જેમાં પેપર લીક ગુનામાં ૧૦ વર્ષ સુધીની સજા અને રૂ.૧ કરોડ સુધીના દંડનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કરાયો છે.રાજ્યના યુવાનો ઉચ્ચ શિક્ષણ મેળવી આગળ વધી શકે એ માટે ૩૩,૬૫૯ વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણ માટે રૂ. ૧૫૯.૦૭ કરોડની આર્થિક સહાય આપવામાં આવી છે.આ ઉપરાંત ૧,૯૩૦ વિદ્યાર્થીઓને શોધ યોજના અંતર્ગત રૂ.૭.૮૯ કરોડની આર્થિક સહાય આપવામાં આવી છે.રાજ્ય સરકારમાં ઉચ્ચ અધિકારી બનવાના સપનાં સેવતા આશાવંત વિદ્યાર્થીઓ માટેૈંજીઝ વર્ગ-૧ અને ૨ની પરીક્ષાની તૈયારીના ભાગરુપે ૨,૫૦૦ યુવાનોને કોચિંગ આપવામાં આવ્યું.

નવા આઈડિયા અને ઉત્સાહથી ભરપૂર યુવાનો માટે સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ ઈનોવેશન પોલિસી ૨.૦ અંતર્ગત રાજ્યની ૧૧૬ શૈક્ષણિક સંસ્થાઓને કુલ રૂ.૧૦.૨૨ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.સ્ટાર્ટ અપ સૃજન સીડ સપોર્ટ (જી૪) અને ઓપન ઈનોવેશન ચેલેન્જ અંતર્ગત ૧૫૦ ઈનોવેશનને રૂ.૫.૧૦ કરોડ સહાયની રકમ મંજૂર કરવામાં આવી છે. આ ઉપરાંત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી-૨.૦ અંતર્ગત ૭૭ શૈક્ષણિક સંસ્થાઓને સહાય આપી પ્રોત્સાહિત કરાઈ છે. આંતરરાષ્ટ્રીય કક્ષાનો ઉચ્ચ અભ્યાસ, રોજગારી, સ્કીલ ડેવલપમેન્ટ અને કારકિર્દી ઘડતરની અનન્ય તકોના કારણે આજે ગુજરાતનો યુવાન ઉજ્જવળ ભવિષ્યના નિર્માણની દિશામાં ઉન્નત મસ્તકે આગળ વધી રહ્યો છે.

# અંજારમાં સેવા સમર્પણ ટ્રસ્ટ દ્વારા પક્ષીઓ માટે પાણી કુંડાઓનું નિઃશુલ્ક વિતરણ કરાયું

અંજાર,

સેવા સમર્પણ ટ્રસ્ટ અંજાર દ્વારા રામ નવમી નિમિત્તે નીકળેલ ભવ્ય શોભાયાત્રામાં પક્ષીઓને પાણી તેમજ ચણ નાખવા માટેના કુંડાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. અંજાર શહેરના દાતાઓ તેમજ ટ્રસ્ટના અગ્રણીઓ દ્વારા અપાયેલ દાન અને સહયોગ થકી ૭૦૦૦ (સાત હજાર) જેટલા પક્ષીઓ માટે પીવાના પાણી કુંડાઓનું વિતરણ ખાસ સ્ટોલ બનાવીને કરવામાં આવ્યું હતું.

ટ્રસ્ટના પ્રમુખ પરેશભાઈ માલસત્તરે જણાવ્યું હતું કે, અંજાર શહેરની ભવ્ય રથયાત્રામાં ધાર્મિક માહોલમાં અનેક સેવાકીય પ્રવૃતિ હાથ ધરવામાં આવી હતી. જેમાં સેવા સમર્પણ ટ્રસ્ટ જે વિવિધ સેવાકીય તેમજ જીવદયા પ્રવૃતિ સાથે સંકળાયેલ ટ્રસ્ટ છે તેના દ્વારા દર વર્ષે ગરમીની સીઝનમાં પક્ષીઓને પીવાનું પાણી સરળતાથી મળી રહે તેમજ લોકોમાં પક્ષીઓ પ્રત્યે કરુણા જાગે તે માટે લોકો જાતે પીવાના પાણીની વ્યવસ્થા પક્ષીઓ માટે





કરે તેના માટે સંસ્થા દ્વારા દર વર્ષે પાણીના કુંડાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. આ વખતે રામ નવમીની રથયાત્રામાં જ મોટી માત્રામાં કુંડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ નિઃશુલ્ક પાણીના કુંડાઓના વિતરણ સ્ટોલની અંજાર મતવિસ્તારના ધારાસભ્યશ્રી ત્રિકમભાઈ છાંગાએ મુલાકાત લઈ તેઓના ઉદ્વોધનમાં સંસ્થાની કામગીરીને બિરદાવી હતી અને ભવિષ્યમાં પણ અંજાર શહેર સહિત સમગ્ર કચ્છમાં પોતાની સેવાકીય પ્રવૃતિનો વ્યાપ વધારે



તેવી શુભેચ્છા પાઠવી હતી. સંસ્થાના કાર્યકર્તાઓ, ટ્રસ્ટીઓ, અગ્રણીઓએ તેમજ તેઓના પરિવારજનોએ પણ સાથ સહકાર આપ્યો હતો. સંસ્થાના ટ્રસ્ટીઓએ આ તકે દાતાઓ, સહયોગીઓ, તેમજ કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ તકે સંસ્થા દ્વારા આ કાર્યમાં જોડાયેલ દાતાઓને સન્માનીત કરવામાં આવ્યા હતા.

# નખત્રાણા ગંદકી અને બદબુથી હરયુભર્યું બન્યું - જયાં જુઓ ત્યાં ગંદકીનો માહોલ

નખત્રાણા

નખત્રાણા નગર એટલે વ્યાપાર, ખેતી અને પશુપાલન જેવા વ્યવસાયથી સમૃદ્ધ અને હર્યુ ભર્યું મથક. એવા નખત્રાણાને આજથી છ માસ પૂર્વે તંત્ર દ્વારા પંચાયતની સત્તામાંથી મુક્ત કરી સુધારાઈના દરજ્જામાં સમાવેશ કર્યો હતો. ૨૫ હજરથી વધુની વસ્તી ધરાવતા નગરને પાલિકાનો દરજ્જો મળતા સ્વાભાવિક પ્રજાના પ્રશ્નોના ઉકેલમાં ઝડપ સાથે સુવિધામાં વધારો થવાનો આશાવાદ સ્થાનિક લોકોએ સેવ્યો હતો. પરંતુ નખત્રાણાને સુધારાઈ કક્ષાની સેવા તો દૂર પંચાયતની સેવા મળવાથી પણ વંચિત રહેવું પડી રહ્યું છે. હાલ પ્રાંત અધિકારીને વહીવટદાર અને મામલતદારને ચીફ ઓફિસર તરીકે ચાર્જ સોંપવામાં આવ્યો છે. જોકે મહેકમ સ્ટાફના અભાવે નગર ગંદકી અને બદબુથી હરયુભર્યું બન્યું છે. ત્યારે પૂર્ણસ્મ્પે પાલિકામાં વહીવટ સ્થપાય એ માટે ખુદ ધારાસભ્યએ રજૂઆતો કરવી પડી રહી છે.નખત્રાણા નગરપાલિકાની જ્યાં કચેરી કાર્યરત છે તે મકાન બહારજ લોકો કચરો ઠાલવી જાય છે. જે નગરમાં સફાઈની ચાડી ખાય છે. અહીં પ્રશ્ન એ પણ સામે આવે છે કે જો પાલિકા કચેરી બહાર કચરાનો નિકાલ ના થતો હોય તો અન્ય સ્થળે કચરો ફેંકનાર લોકો સામે કોણ પગલાં ભરશે.? નગરના અનેક જાહેર માર્ગો પર ઠેર ઠેર કચરો જોવા મળી રહ્યો છે. બજારમાં વેપારી વર્ગ જાતે કચરો ના થાય તેની દરકાર રાખી રહ્યા છે. પરંતુ રહેણાંક વિસ્તારોમાં આ સમસ્યામાં સતત વધારો જોવા મળી રહ્યો છે.નગરના કન્યા શાળા પાસે જાહેર ઉકરડો આવેલો છે. ત્યાં દિવસ રાત લોકો એકત્ર કરાયેલો કચરો ફેંકી જાય છે. તંત્રના સફાઈ કર્મીઓ સમયાંતરે કચરો ઉપાડી જાય છે પરંતુ યોગ્ય નિકાલના અભાવે આ સ્થળે કાયમી ગંદકી નો માહોલ જોવા મળે છે. અતિ દુર્ગંધ મારતા ઉરકડા પાસેથી પસાર થવું પણ લોકો માટે દુષ્કર બન્યું છે. ખાસ કરીને પશુઓના ઉપીયોગ બાદ નાખી જવાયેલા અવશેષો ઉડતા હોવાથી કૂતરા , બીલાડા ખાતા જોવા મળે છે.

આ વિશે કાયમી નિવારણ લવાય તે જરુરી હોવાનું સ્થાનિકના લખન દેસાઈએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે જો આજ પરિસ્થિતિ કાયમ રહી તો ભવિષ્યમાં મોટો રોગચાળો ફેલાઈ શકે છે.બીજી તરફ રહેણાંક વિસ્તાર મણિનગરમાં છેલ્લા ત્રણેક દિવસથી એક આંખલો મૃત અવસ્થામાં પડ્યો છે. છતાં હજુ સુધી તંત્રના કોઈ માણસો આ મૃતદેહને ખસેડવા આવ્યા નથી. હાલ પ્રજાને કોઈ પ્રશ્ને ફરિયાદ કરવી હોય તો મામલતદાર અથવા પ્રાંત કચેરીએ જવું પડે છે. આ સિવાય મણિનગર વિસ્તારમાં ગટરની કાયમી સમસ્યાથી લોકો પરેશાન છે.

સ્થાનિક લોકોના જણાવ્યાં અનુસાર પહેલા પંચાયતમાં સમસ્યાની રજૂઆત કરતા હવે પાલિકાની રચના થઈ છે. પરંતુ સમસ્યાનો ઉકેલ થવાના બદલે વધારો થયો છે.દરમિયાન નખત્રાણા પ્રાંત કચેરી ખાતે તંત્રની સંકલન સમિતિની બેઠક મળી હતી. તેમાં અબડાસા મત વિસ્તારના ધારાસભ્ય પ્રદ્યુમન સિંહ જાડેજાએ પણ નગરને પાલિકાની પૂર્ણસ્મ્પે સેવા મળે,.

મહેકમ સ્ટાફની નિમણૂક થવા રજૂઆત કરી હતી. ત્યારે નગરજનોને વિવિધ મુદ્દે પડતી હાલાકીનો તંત્ર દ્વારા કાયમી ઉકેલ લાવવામાં આવે એવી લોકો માગ કરી રહ્યા છે.

# ભાડાએ છઠ્ઠીબારી રીંગરોડ પર પ્લોટનું એકત્રીકરણ ન કરતા રહેવાસીઓ માટે દસ્તાવેજ બનાવવા મુશ્કેલ થઈ ગયા

ભુજ

ધરતીકંપ બાદ ભુજમાં બાંધકામના નિયમોને અમલવારી કરવા માટે ભુજ વિસ્તાર વિકાસ સત્તા મંડળની રચના કરવામાં આવી. જે કચેરીએ શહેરમાં ક્ષતિગ્રસ્ત થઈ ગયેલા મકાનો અને દુકાનોના વિસ્તારનું આકલન કરી અને તેને ફરીથી જીએસડીઆરના નિયમ મુજબ બાંધકામની મંજૂરી આપવાનું કામ કરવાનું હતું. જેમાં સૌપ્રથમ ટાઉન પ્લાનિંગ કરવાનું હોય છે. જે તે સમયે છઠ્ઠીબારી રિંગ રોડ પર આવેલા કેશવ એપાર્ટમેન્ટના ચાર પ્લોટનું એકત્રીકરણ કરવાનું રહી જતા આજે આ ફ્લેટના રહેવાસીઓ માટે દસ્તાવેજ બનાવવા મુશ્કેલ થઈ ગયા છે.એપાર્ટમેન્ટના બાંધકામ અગાઉ તેના કુલ ક્ષેત્રફળમાં આવતા લોકોનું એકત્રીકરણ કરવું જરુરી હોય છે દરેક પ્લોટના અલગ અલગ પ્રોપર્ટી કાર્ડ બનતા હોય છે જો તે એકત્રીકરણ ન થાય તો તેના પર આવેલા એપાર્ટમેન્ટના ફ્લેટ ધારકો કયા પ્રોપર્ટી કાર્ડ માં સમાવવા તે સીટી સર્વે માટે પણ નક્કી કરી શકાતું નથી ભુજમાં કેશવ એપાર્ટમેન્ટમાં આવી જ ખામી જે તે વખતે રહી ગઈ છે. સિટી સરવે કચેરીના વોર્ડ નં.બે અને ટી.પી. સ્કીમ નં ૨ ના ફાઈનલ પ્લોટ નં ૫૫૮,૫૭૦,૫૭૧ અને ૫૮૨ ના અલગ સ્મ્ આપી ક્ષેત્રફળ ૬૪૦ ચો.મી. કાયમ કરવામાં આવી હતી. જેની પ્રોપર્ટી કાર્ડમાં નોંધ નંબર ૧૧૦થી અમલવારી થઈ છે. ભૂકંપ બાદ ટાઉન પ્લાનીંગ સ્કીમ અમલમાં આવતા દેશવ એપાર્ટમેન્ટ વાળી મિલ્કતનું એકત્રીકરણ ખાતે લીધા વિના ઉભેલ એપાર્ટમેન્ટના ચાર ભાગો કરી આ મિલકતને ટી.પી સ્કીમમાં સમાવવામાં આવ્યું. વાસ્તવમાં તે સમયે એકત્રીકરણ કરી એક નંબર આપી પ્રોપર્ટી કાર્ડ બનાવવામાં આવે તો સીટી સર્વેમાં તેની નોંધણી થઈ શકે. વર્તમાનમાં હાલત એવી છે કે આ એપાર્ટમેન્ટમાં કોઈપણ ફ્લેટ માલિક ફ્લેટ વેચે તો તેના ચાર પ્રોપર્ટી કાર્ડ હોવાથી એન્ટ્રી નથી થતી. જોકે આ બાબતે ત્યાંના રહેવાસીઓ ભાડાના અધિકારી રાજેનભાઈ મોરબીયા પાસે જતા તેમણે આ ફ્લેટના કુલ ૩૧ ફ્લેટ ધારકોએ સાથે એફિડેવિટ કરી અને નવો નકશો બનાવી પાસ કરાવવાની સલાહ આપી હતી.

# માવઠાના માર બાદ લખપત તાલુકાના કૈયારી, બેખડા પંથકમાંથી માલધારીઓની હિજરત

દયાપર

કમોસમી વરસાદના પગલે ઘાસચારો સડી ગયો છે, જેના કારણે લખપત તાલુકામાં ચરિયાણનો પ્રશ્ન વિકટ બની રહ્યો છે, જેથી વનતંત્ર દ્વારા ગોદામોમાં સંગ્રહ કરેલું ઘાસ ક્યારે વિતરીત કરાશે તેવા પ્રશ્નો ઉઠી રહ્યા છે.

કચ્છમાં માવઠાના કારણે ખેતીને નુકસાન તો થયું છે પરંતુ જે વિસ્તારમાં કમોસમી વરસાદનું જોર વધુ હતું ત્યાં સીમ વિસ્તારમાં ઘાસચારો સડી ગયો છે. માવઠાના કારણે લખપત તાલુકામાં ઘાસચારો સડી જતાં પશુઓ માટે ચરિયાણનો પ્રશ્ન વિકટ બની રહ્યો છે. તાલુકાના મોટાભાગના લોકોનો મુખ્ય વ્યવસાય પશુપાલનનો છે ત્યારે હાલે પશુઓ સીમમાં ચરિયાણ માટે ગયા બાદ ભૂખ્યા પરત આવે છે. સીમમાં ઘાસનું તણખલું પણ ન મળતાં ઉનાળાનો કપરો સમય કેવી રીતે નીકળશે તે પ્રશ્ન માલધારીઓને સતાવી રહ્યો છે. વનતંત્રએ પોતાના ગોદામોમાં સંગ્રહ કરેલું ઘાસ ક્યારે વિતરીત કરશે તેવા સવાલો માલધારીઓ દ્વારા ઉઠી રહ્યા છે.

આ મુદ્દે લખપત તાલુકા પંચાયતના પ્રમુખ જેનાબાઈ હસણ પડ્યારે મામલતદારને લેખિત રજૂઆત કરી છે. ઘાસચારાના અભાવે તાલુકાના કૈયારી, બેખડા વિસ્તારના માલધારીઓ પોતાના પશુઓ સાથે હિજરત કરી રહ્યા છે. વન વિભાગ દ્વારા એકત્ર કરાયેલું હજારો કિલો ઘાસ માતાનામઢ, રવાપર, દયાપર, બરંદા, કૈયારી સહિતના ગોદામોમાં પડ્યું છે. અધુરામાં પૂરું આ ગોદામોમાં ૪-૫ વર્ષ અગાઉનું જૂનું ઘાસ પણ સંગ્રહિત છે, જેનો તેનો ઉપયોગ નહીં કરાય તો તે અખાદ્ય બની જશે. વર્તમાન સમયે રુપિયા આપવા છતાં પણ પૂરતો ઘાસચારો મળવો મુશ્કેલ છે અને જ્યાં મળે છે ત્યાંના ભાવ નાના પશુપાલકોને આર્થિક રીતે પરવડે તેમ નથી ત્યારે વન તંત્ર દ્વારા સંગ્રહિત ઘાસ રાહતદરે માલધારીઓને વિતરણ કરવામાં આવે તેવી માંગ તેમણે કરી છે.

**GMERS મેડીકલ કોલેજ, ગાંધીનગર ખાતે કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રુપાલાની ઉપસ્થિતિમાં**

# ગાંધીનગર શહેર ભાજપના કાર્યકર્તાઓને તબીબો દ્વારા કાર્ડિયાક અરેસ્ટની પરિસ્થિતિમાં દર્દીને બચાવવાના પ્રયાસના ભાગરુપે COLS ની ટ્રેનિંગ અપાઈ



ગાંધીનગર

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ભારતીય જનતા પાર્ટીના સ્વાસ્થ્ય સ્વયંસેવક અભિયાન અંતર્ગત ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલના માર્ગદર્શન હેઠળ આજરોજ GMERS મેડીકલ કોલેજ, ગાંધીનગર ખાતે કેન્દ્રીય મંત્રીપરષોત્તમભાઈ રુપાલાની વિશેષ ઉપસ્થિતિમાં શહેર ભાજપના કાર્યકર્તાઓને તબીબો દ્વારા કાર્ડિયાક અરેસ્ટની પરિસ્થિતિમાં દર્દીને બચાવવાના પ્રયાસના ભાગરુપે COLS ( કમપ્રેશન ઓનલી લાઈફ સપોર્ટ)ની ટ્રેનિંગ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં તબીબોએ ડેમો આપીને કાર્યકર્તાઓને ઈમરજન્સીમાં દર્દીના હૃદયને ધબકતું કરવા માટે COLSની યોગ્ય પદ્ધતિ અંગે જાણકારી આપી હતી અને ઉપસ્થિત સૌએ ડમી ઓબ્જેક્ટને COLS આપીને પ્રશિક્ષણ મેળવ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રુપાલાએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ ખુબ જ મહત્વનો છે કેમકે યોગ્ય સમયે યોગ્ય પદ્ધતિ સાથે કાર્ડિયાક અરેસ્ટની પરિસ્થિતમાં દર્દીને COLS મળે તો તેનું જીવન બચાવી શકાય છે. શ્રી રુપાલાએ ભાજપના કાર્યકર્તાઓને જ્યારે પણ તેમની આસપાસ કોઈ દર્દીને તકલીફ જણાય ત્યારે તબીબોના પ્રશિક્ષણ મુજબ મેડીકલ ટીમ પહોંચે ત્યાં સુધી પદ્ધતિસરના COLS મારફત તેના જીવન બચાવનો પ્રયાસ કરવા આહ્વાન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર ફક્ત રાજકીય જ નહી, સામાજીક જવાબદારી નિભાવવા માટે પણ ઓળખાય છે. આ કાર્યક્રમમાં ૧૦૮ માં જવાબદારી નિભાવતા કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રશિક્ષણ કાર્યકમમાં શહેર ભાજપ પ્રભારી મોહનભાઈ પટેલ, પ્રમુખ ઋચિર ભટ્ટ, ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, મેયર હિતેશ મકવાણા, ડે.મેયર શ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલ, મહામંત્રીઓ, અગ્રણીઓ, સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં. આજના આ કાર્યક્રમમાં આયોજનમાં મહાનગર ભાજપ ડોકટર સેલના ડો. હસમુખભાઈ પટેલ, ડો. મિહિરભાઈ પટેલે સક્રિય ભૂમિકા ભજવી હતી.

# પશ્ચિમ રેલવે દ્વારા સાબરમતી-ભુજ, ભાવનગર-બાંદ્રા ટર્મિનસ અને રાજકોટ-મહેબૂબનગર વચ્ચે ત્રણ જોડી ગ્રીષ્મકાલીન સ્પેશિયલ ટ્રેનો ચલાવાશે

ભુજ

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા અને તેમની માગને ધ્યાનમાં રાખીને સાબરમતી-ભુજ, ભાવનગર-બાંદ્રા ટર્મિનસ અને રાજકોટ-મહેબૂબનગર વચ્ચે ત્રણ જોડી ગ્રીષ્મકાલીન સ્પેશિયલ ટ્રેનો ખાસ ભાડાથી ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે :

૧.ટ્રેન નંબર ૦૯૪૫૫/૦૯૪૫૬ સાબરમતી-ભુજ દૈનિક સ્પેશિયલ (કુલ ૧૬૮ ટ્રિપ)

ટ્રેન નંબર ૦૯૪૫૫ સાબરમતી-ભુજ સ્પેશિયલ ૭ એપ્રિલ ૨૦૨૩થી ૩૦ જૂન ૨૦૨૩ સુધી સાબરમતી (જેલ તરફ)થી ૧૭:૪૦ વાગ્યે પ્રસ્થાન કરી એ જ દિવસે ૨૩:૫૫ વાગ્યે ભુજ પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૪૫૬ ભુજ-સાબરમતી સ્પેશિયલ ૭ એપ્રિલ ૨૦૨૩થી ૩૦ જૂન ૨૦૨૩ સુધી દરરોજ ભુજથી ૦૬:૫૦ વાગ્યે પ્રસ્થાન કરી એજ દિવસે ૧૩:૩૦ વાગ્યે સાબરમતી (જેલ તરફ) પહોંચશે. રસ્તામાં બંને દિશાઓમાં આ ટ્રેન ચાંદલોડિયા, વિરમગામ, ધ્રાંગધ્રા, હળવદ, માળિયા મિયાણા, સામાખ્યાલી, ભચાઉ, ગાંધીધામ અને અંજાર સ્ટેશનો પર રોકાશે. ટ્રેન નંબર ૦૯૪૫૬ને આદિપુર સ્ટેશન પર વધારાનું રોકાણ આપવામાં આવ્યું છે. આ ટ્રેનમાં સ્લીપર શ્રેણી અને દ્વિતીય શ્રેણીના સામાન્ય કોચ હશે.

૨.ટ્રેન નંબર ૦૯૨૦૮/૦૯૨૦૭ ભાવનગર-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ (કુલ ૨૬ ટ્રિપ)

ટ્રેન નંબર ૦૯૨૦૮ ભાવનગર-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ ૦૬ એપ્રિલ ૨૦૨૩થી ૨૯ જૂન ૨૦૨૩ સુધી દર ગુરુવારે ભાવનગર ટર્મિનસથી ૧૪.૫૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૦૬.૦૦ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૨૦૭ બાંદ્રા ટર્મિનસ -ભાવનગર સાપ્તાહિક સ્પેશિયલ ૦૭ એપ્રિલ ૨૦૨૩થી ૩૦ જૂન ૨૦૨૩ સુધી દરેક શુક્રવારે બાંદ્રા ટર્મિનસથી ૦૯.૦૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને એ જ દિવસે ૨૩.૪૫ વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન રસ્તામાં બંને દિશાઓમાં ભાવનગર પરા, સોનગઢ, ધોળા, બોટાદ, સુરેન્દ્રનગર ગેટ, અમદાવાદ, નડિયાદ, વડોદરા, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેમાં એસી ૨ ટાયર, એસી ૩ ટાયર, સ્લીપર તેમ જ સેકન્ડ ક્લાસના સામાન્ય કોચ હશે.

૩.ટ્રેન નંબર ૦૯૫૭૫/૦૯૫૭૬ રાજકોટ-મહેબૂબનગર સાપ્તાહિક સ્પેશિયલ (કુલ ૨૪ ટ્રિપ)

ટ્રેન નંબર ૦૯૫૭૫ રાજકોટ-મહેબૂબનગર સ્પેશિયલ ૧૦ એપ્રિલ ૨૦૨૩થી ૨૬ જૂન ૨૦૨૩ સુધી દર સોમવારે રાજકોટથી ૧૩.૪૫ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૧૯.૩૫ વાગ્યે મહેબૂબનગર પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૫૭૬ મહેબૂબનગર-રાજકોટ સ્પેશિયલ ૧૧ એપ્રિલ ૨૦૨૩થી ૨૭ જૂન ૨૦૨૩ સુધી દર મંગળવારે મહેબૂબનગરથી ૨૧.૩૫ વાગ્યે પ્રસ્થાન કરશે અને ત્રીજા દિવસે ૦૫.૦૦ વાગ્યે રાજકોટ પહોંચશે. આ ટ્રેન માર્ગમાં બંને દિશાઓમાં વાંકાનેર, સુરેન્દ્રનગર, અમદાવાદ, નડિયાદ, આણંદ, વડોદરા, સુરત, નંદુરબાર, જલગાંવ, ભુસાવળ, અકોલા, વાશિમ, હિંગોલી, બસમત, પૂર્ણા, નાંદેડ, મુદખેડ, ધરમાબાદ, બસર, નિઝામાબાદ, કામારેડ્ડી, મેડચલ, કાચીગુડા, શાદનગર અને જડચર્લા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસના સામાન્ય કોચ હશે.ટ્રેન નંબાર ૦૯૪૫૫, ૦૯૪૫૬, ૦૯૨૦૮,૦૯૨૦૭ અને ૦૯૫૭૫નું બુકિંગ ૩ એપ્રિલ, ૨૦૨૩ થી પીઆરએસ કાઉન્ટરો અને આઈઆર સીટીસી ની વેબસાઈટ પર શરુથશે. ટ્રેનોના રોકાણ, સંરચના અને સમય અંગેની વિસ્તૃત જાણકારી માટે યાત્રી www.enquiry. indian rail.gov.in પર જઈને તપાસ કરી શકે છે.

# ભચાઉના લાકડીયા પાસેની ખાનગી કંપની સ્થાનીક લોકોને રોજગાર ના આપતા રોષ, રાષ્ટ્રીય દલિત અધિકાર મંચે વિરોધ નોંધાવ્યો

ભચાઉ

ભચાઉના લાકડીયા નજીક આવેલી ઓરીએન્ટલ ફાઉન્ડરી પ્રા. કંપની દ્વારા સરકારના નિયમોનું ઉલ્લંઘન કરી સ્થાનિકના બદલે પરપ્રાંતીય લોકોને કામ પર રાખવામાં આવી રહ્યાના આક્ષેપ સાથે રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ કચ્છના અગ્રણી નિલ વીંઝોડાએ સમર્થકો સાથે કંપની બહાર પ્રતીક વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમજ સ્થાનિક લોકોને રોજગાર આપવાની માગ કરી હતી.તેમના જણાવ્યાં મુજબ સરકાર દ્વારા સ્થાનિક લોકોને રોજગાર મળી રહે તે હેતુસર ઉધોગો સ્થાપવા સહકાર આપવામાં આવ્યો હતો, પરંતુ તે ઉદ્દેશ અહીં નિષ્ફળ જતો દેખાઈ રહ્યો છે.




તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : જયેન્દ્ર ઉપાધ્યાયે વિશાલ પ્રિન્ટરી, ભુજમાં છાપી ચંચળ કાર્યાલય, લાલ ટેકરી, ભુજમાંથી પ્રગટ કર્યું તંત્રી-મુદ્રક-પ્રકાશક અને માલિક : જયેન્દ્ર ઉપાધ્યાય મુદ્રક સ્થાન : વિશાલ પ્રિન્ટરી, ભુજ. ફોન નં. ૨૫૨૯૪૨-૪૩, મો. ૯૪૨૭૬૧૩૨૫૧ Email : chanchal61@yahoo.com ગાંધીનગર ઓફીસ : ૭૦૨, સાતમા માળે, અખબાર ભવન, ગાંધીનગર, ફોન : ૨૯૭૫૦૦૮૩